Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૦૫
તા.૧૪-૧૨-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૬ સૂર્યાસ્ત : ૦૫:૫૫

તાપમાન
ડીસા ૧૧.૨
અમદાવાદ ૧૧.૪
ગાંધીનગર ૧૦.૦
વડોદરા ૧૩.૬
સુરત ૧૭.૦
નલિયા ૦૭.૮

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૨૯,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગુજરાતમાં આજે બીજા તબક્કા માટે મતદાન

## ૮૫૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા મતદારો ઉત્સાહિત : ભાજપના ૯૩ અને કોંગ્રેસે ૯૧ ઉમેદવારો મેદાનમાં




અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ ચરણના મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ આવતીકાલે ગુરૂવારે મતદાન થશે. મતદાનને લઈને તમામ જગ્યાએ અભૂતપૂર્વ ઉત્સાહ મતદારોમાં દેખાઈ રહ્યો છે. તમામની નજર હવે ૨૧ શહેરી ભાજપ ગઢ પર કેન્દ્રિત થઈ ગઈ છે. આ ૨૧ શહેરી ગઢમાં અમદાવાદ શહેરમાં ૧૬ અને વડોદરા શહેરમાં પાંચ સીટોનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં મધ્ય અને ઉત્તર ગુજરાતની સીટોનો સમાવેશ થાય છે. કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવ્યા બાદ તમામ પાર્ટી ભારે ઉત્તેજનામાં છે. કુલ ૯૩ સીટ પર મતદાન થનાર છે. જેમાં ૨.૨૨ કરોડ મતદારો છે. આ મતદારોમાં ૧.૧૫ કરોડ પુરૂષો અને ૧.૦૭ કરોડ મહિલા મતદારો છે. ૨૫૫૫૮ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. મતદારોની વાત કરવામાં આવે તો ૩૭.૩૭ લાખ મતદારોની વય ૧૮તી ૨૬ વર્ષની વચ્ચેની છે. બાવન પાર્ટીના ઉમેદવારો બીજા તબક્કામાં ભાગ્ય અજમાવી રહ્યા છે. ભાજપે ૯૩ અને કોંગ્રેસે ૯૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ લિમખેડા સૌથી નાની સીટ છે. જેમાં ૧.૮૭ લાખ મતદારો છે. આવી જ રીતે ઘાટલોડિયા સૌથી મોટી સીટ છે. જેમાં ૩.૫૨ લાખ મતદારો છે. બીજા તબક્કામાં અનેક મહારથીના ભાવિનો ફેંસલો થનાર છે. ગઈકાલે મંગળવારના દિવસે સાજે પાંચ વાગે બીજા તબક્કા માટે હાઈવોલ્ટેજ અને હાઈપ્રોફાઈલ ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો. છેલ્લી ઘડી સુધી મતદારોને પોતાની તરફેણમાં કરવા માટે ભાજપ અને કોંગ્રેસના તમામ ઉમેદવારોએ પુરતી તાકાત લગાવી હતી. છેલ્લા દિવસે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાહુલ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રીવરફ્રન્ટ પરથી સી પ્લેન મારફતે ધરોઈ પહોંચીને વિકાસની સાબિતી આપી હતી. જ્યારે બીજી બાજુ રાહુલ ગાંધીએ અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા.

# વાવમાં વિકાસનો વિજય નિશ્ચિત


વિષ્ણુ પરમાર

(તા.પ્રતિ.) વાવ

ચૂંટણીની પૂર્વ સંધ્યાએ વાવ - ભાભર - સુઈગામ પંથકમાં સર્વત્ર કેસરીયો માહોલ છવાઈ ગયો છે. તમામે તમામ સમાજોમાંથી ભાજપાના ઉમેદવાર શંકર ભાઈ ચૌધરીને ઉમળકા ભેર આવકાર સાંપડી રહ્યો છે. ગતરોજ ભાજપાના સમર્થનમાં ઠાકોર સમાજ, દલિત સમાજનું સમર્થન અને ભવ્ય રોડ શો જોતા સમગ્ર વાવ - ભાભર - સુઈગામ પંથકમાં સર્વત્ર કેસરીયો છવાયો ગયો છે. ૧૭૧ ગામોમાં ભાજપાના કાર્યકરોએ કમળના નાદને ગુંજવી દીધો છે. ત્યારે ગામે ગામ, શેરી એ શેરીએ, ઘેર - ઘેર કમળનો નાદ ગુંજી ઉઠયો છે. નાના બાળકથી માંડી અબાલ વૃંદ સૌ કોઈના મોંઢે વિકાસનો નાદ ગુંજી ઉઠયો છે. ગામે ગામ નર્મદા નીરથી સૂકો ભઠ એવો રણ વિસ્તાર નંદનવન બની જતા લોકો વિકાસના મંત્ર અને નર્મદાના નીરને કદાપી ભૂલી શકે તેમ નથી. સરહદી પંથકનો વિકાસ જોતા તમામ સમાજોમાંથી ભાજપાના ઉમેદવાર શંકર ભાઈ ચૌધરીને વ્યાપક સમર્થન મળી રહેતા તેમની છાવણી મતદારોથી ઉભરાઈ ઉઠી છે. ચૂંટણી યોજાવાને પૂર્વે ભાજપ કાર્યકરોએ વિજયનો જશ્ન મનાવી દીધો છે. ૧૮૨ બેઠકોમાં સૌથી વધુ લીડથી વાવનું કમળ ગાંધીનગર ચૂંટીને પહોંચી જશે અને ચૂંટણી બાદ વાવ પંથક 'મીની ગાંધીનગર' બની જશે. આરોગ્ય, શિક્ષણ, એસ.ટી., રોડ, પાણી જેવી તમામ સુવિધાઓમાં રહેતી ઉણપને પુરી કરી દેવાશે. વધુમાં આ વિસ્તારમાં જાહેર થયેલા સોલારપાર્ક અને બોર્ડર ટુરીઝમથી આ વિસ્તારના બેકાર યુવાનોને રોજી રોટી મળી રહેશે. આમ, વિકાસ મંત્રના નાદથી સમગ્ર સરહદી વાવ - ભાભર - સૂઈગામ પંથકના ૧૭૧ ગામોમાં કમળનો નાદ ગુંજી ઉઠતા કાર્યકરો ભારે ઉત્સાહ સાથે ગેલમાં આવી ગયા છે. હવે માત્ર જીતની ઔપચારીકતા બાકી રહી છે.

### સરહદી પંથકની વિકાસ કૂચ આગળ ધપાવાશે : શંકરભાઈ ચૌધરી

૨૦૧૨ ની ચૂંટણીમાં નવા સિમાંકન બાદ નવી અસ્તિત્વમાં આવેલી વાવ બેઠક ઉપર સર્વપ્રથમ ધારાસભ્ય બનવાનું શ્રેય મેળવનાર રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીએ સરહદી પંથકના વિકાસ માટે પાછા વળીને જોયું નથી. તેથી સરહદી પંથકનો સર્વાંગી વિકાસ થવા પામ્યો છે. આ વખતે તેમણે વિકાસ કૂચ અવિરત આગળ ધપાવવાની નેમ ઉચ્ચારી છે. ૨૦૧૨ માં ધારાસભ્ય પદે ચૂંટાયેલા શંકરભાઈ ચૌધરીએ સર્વપ્રથમ વાવ, ભાભર અને સુઈગામ મત વિસ્તારમાં અધૂરી નર્મદા કેનાલોના કામ પુરા કરવાને પ્રાથમિકતા આપી હતી. જેથી ગામે ગામ નર્મદાના નીર વહેતા થઈ જતા સૂકો મૂલક નંદનવન બની ગયો છે. આરોગ્ય, શિક્ષણ જેવી પ્રાથમિક સવલતો પણ પુરી કરી છે. એટલું જ નહીં, એશિયાના સૌથી મોટા સોલાર પાર્કનું નિર્માણ તેમના મત વિસ્તાર ચારણકામાં થયું છે. સરહદી પંથકમાં યુવાનોને રોજગારી મળી રહે તેવા ઉદ્દેશ્યથી તેમની આગવી દિર્ઘદ્રષ્ટિથી નડાબેટ આંતરરાષ્ટ્રીય બોર્ડરનો પ્રવાસન ધામ રૂપે વિકાસ થયો છે. રાજયમંત્રી પદે અતિ વ્યવસ્તતા વચ્ચે પણ પ્રજાના સુખદુઃખમાં સહભાગી થઈને તેમણે સાચા લોકસેવકનું સન્માન મેળવ્યું છે. ગત જુલાઈના પુર પ્રકોપમાં પીડીતોને બચાવવા તેમણે રાત - દિવસ એક કરી કરેલી બચાવ અને રાહત તથા પુનઃવસનની કામગીરી તેમને 'મુઠી ઉંચેરા' સાબિત કર્યા છે. ત્યારે આ વખતે પણ તેમણે સરહદી પંથકની આરંભાયેલી વણથંભી વિકાસ કૂચ બમણાં ઉત્સાહથી આગળ ધપાવવાની નેમ વ્યકત કરી હતી.



**સૂર્યોદય - ૭.૧૬ સૂર્યાસ્ત - ૫.૫૫**

## તિથિદર્શન

માગસર વદ-૧૨ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર વદ : બારસ ગુરૂવાર નક્ષત્ર:સ્વાતી રાત્રે ૧૧.૦૫ પછી વિશાખા યોગ :અતીગંડ કરણ :કૌલવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### શુભં ચાપ્યશુભં કર્મ ફલકાલમપેક્ષતે શરધેવ ફલત્યાશુ શાલિનં સુરભૌ કચિન

'સારું અથવા ખરાબ કર્મ તેનું ફળ- પરિણામ આપવા માટે સમયની અપેક્ષા સેવે છે અર્થાત્ તેને પરિપક્વ થવાના સમયની જ રાહ જુએ છે. ડાંગર શરદઋતુ આવે ત્યારે જ પાકે છે, વસંતઋતુમાં એ કદી મહોરી ઊઠતી નથી.'

કર્મયોગનો સિદ્ધાંત છે :આજે કે વર્ષો પહેલાં કે જન્મો પહેલાં કરેલાં કુકર્મો કે સત્કર્મો જ્યારે તેનો સમય થાય ત્યારે જ પાકે અને તેનાં ફળ મળે જ છે.

ડૉ.મનમોહનસિંઘે તટસ્થ રહી- સ્વચ્છ રહી કોંગ્રેસ પક્ષ અને નેહરુ પરિવારની આજન્મ સેવા કરી તો તેમને કલ્પનામાં પણ નહીં હોય તે વડાપ્રધાનપદ પ્રાપ્ત થયું. પ્રભાવતીબેને સોનિયા ગાંધીને ત્યાં નિષ્ઠાપૂર્વક સેવાભાવથી રસોઈ કરી તો 'રાષ્ટ્રપતિ' થઈ ગયાં...

એન.ડી.તિવારી રાજ્યપાલ હતા ત્યારે પોતાની કામવાળી સાથે જે દુરાચાર કર્યાં તેનું ફળ ૪૦-૪૫ વર્ષે બદનામી સાથે ભોગવવું પડ્યું.

ભગવાનને ઘેર 'દેર' હોય એવું આપણને દૂરથી લાગે છે પણ અંધેર તો નથી જ. અહીંના કર્મો- કુકર્મો અહીં જ ભોગવવાં પડે છે. ઈશ્વરીય સમય- પત્રકનો આપણને સાચો અંદાજ નથી એટલે અન્યાય જેવું લાગે છે, બાકી સમય સાથે તેનાં પરિણામ નિશ્ચિત મળે જ છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)ગૃહજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે..**
**વૃષભ : (બ.વ.ઉ.) કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.**
**કર્ક : (ડ.હ.)મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.**
**સિંહ : (મ.ટ.) લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.**
**તુલા : (ર.ત.) યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.**
**વૃશ્ચિક :(ન.ય.) સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.**
**ધન : (ભ.ફ.ધ.)મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.**
**મકર : (ખ.જ.)અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.**
**કુંભ : (ગ.શ.સ.)કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.**
**મીન : (દ.ચ.જ.થ.)આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતીય ઈતિહાસના તટસ્થ ને ગરવા સંશોધક ફાધર હેન્રી હેરાસની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ.૧૮૮૮ માં સ્પેનમાં થયો હતો. માનવવંશશાસ્ત્ર, ઈતિહાસ, ધર્મ, સંસ્કૃતિ આદિ અનેક વિષયો પર વિશિષ્ટ પ્રકાશ પાડતા સંખ્યાબંધ પુસ્તકો એમણે લખ્યાં છે. તેમના આ મહત્વના સંશોધનો માટે પોલેન્ડે તેમને 'ગોલ્ફફેસ ઓફ મેરિટ' અને અફઘાનિસ્તાને તેમને 'ડેકોરેશન ઓફ સર્નિંગ' એનાયત કરી સન્માન્યા ! એમનું તા.૧૪-૧૨-૧૯૫૫ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૧૪.૧૨.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૩૧૭ પોઈન્ટ મહત્વની સપાટી ...!!**

**તા. ૧૩.૧૨.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૨૭ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૧૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૧૮૮ પોઈન્ટ થી ૧૦૧૭૩ પોઈન્ટ, ૧૦૧૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૩૧૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૩.૧૨.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૦૪૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૧૭૩ પોઈન્ટના પ્રથમ અને ૨૫૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૯૭૩ પોઈન્ટ થી ૨૪૯૦૯ પોઈન્ટ, ૨૪૮૮૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૧૯) :- રિલાયન્સ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૯૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે.રૂ.૮૮૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૯૩૩ થી રૂ.૯૪૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૯૪૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**HCL ટેકનોલોજી (૮૭૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૮૫૮ આસપાસ પોઝીટ-ીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૪૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૮૮૮ થી રૂ.૮૯૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**લ્યુપિન લિમિટેડ (૮૪૭) :- રૂ.૮૩૩ નો પ્રથમ તેમજ રૂ.૮૧૮ ના બીજા સપોટ-'થી ફાર્મા સેક્ટર નો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૬૧ થી રૂ.૮૬૮ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**તાતા સ્ટીલ (૬૮૬) :- સ્ટીલ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૯૯ થી રૂ.૭૦૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**તાતા મોટર્સ (૪૦૨) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૮૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ઓટો સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૧૭ થી રૂ.૪૨૪ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**ડો. રેડી (૨૨૭૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૩૦૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૨૫૩ થી રૂ.૨૨૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૩૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**HDFC બેન્ક (૧૮૨૨) :- રૂ.૧૮૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૪૮ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૮૦૮ થી રૂ.૧૭૯૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૮૪૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**ACC લિમિટેડ (૧૭૧૫) :- સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૭૪૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૭૦૩ થી રૂ.૧૬૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા (૧૪૧૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૪૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૯૬ થી રૂ.૧૩૮૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**સેન્ચુરી ટેક્ષટાઈલ (૧૩૩૦) :- રૂ.૧૩૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૩૧૬ થી રૂ.૧૩૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૩૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

# ડીસા શહેરની ટી- ટ્વેન્ટી ટ્વેન્ટી પ્રિમિયર લીગ સિઝન બોલ ટુર્નામેન્ટમાં ડીસા સ્પોર્ટન ક્રિકેટ ટીમનો વિજય



ડીસા

ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરિટેબલ એકેડમી અને સાંઈબાબા સ્પોર્ટસ ક્લબ દ્વારા આયોજીત ટી ૨૦-૨૦ ડીસા શહેર સિઝન બોલ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ ક્રિકેટ મેચમાં ડીસા સ્પોર્ટનનો ડીસા ચેલેન્જર સામે (૧૬) સોળ રનથી વિજય થયો હતો. ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર સમગ્ર ઉત્તર ગુજરાતમાં પ્રથમ વખત ડીસા શહેર પ્રિમીયર લીગ ટી ૨૦-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ડીસા શહેરના કુલ ૧૭૦ ખેલાડીઓ ભાગ લીધો હતો. જેમા કુલ (૧૦) ટીમો ભાગ લીધો હતો. ગતરોજ ફાઈનલ મેચ યોજાઈ હતી. ડીસા સ્પોર્ટન ક્રિકેટ ટીમના કેપ્ટન અરવિંદ ઠાકોર ટોસ જીતી પ્રથમ દાવ લેવાનું પસંદ કર્યુ હતું. જેના ડીસા સ્પોર્ટન ક્રિકેટ ટીમ (૨૦) ઓવર (૧૫૯) એકસો ઓગણ સાઈઠ રન બનાવ્યા હતા. ડીસા સ્પોર્ટન ક્રિકેટ ટીમ વતી મયુર ઠક્કરે (૭૧) રન વિજય સવજીવાલાએ (૩૪) રન મુખ્ય હતા. જેના જવાબમાં ડીસા ચેલેન્જર ટીમ ડીસા સ્પોર્ટન ક્રિકેટ ટીમ સામે માત્ર (૧૪૨) એકસો બેતાલીસ રન બનાવી ઓલ આઉટ થઈ ગઈ હતી અને ડીસા ચેલેન્જર ટીમ વતી મનીષ પટેલ ૪૪ રન તેમજ લાલચંદ ખત્રી ૩૪ રન બનાવ્યા હતા. આ ડીસા એકેડેમીના ક્રિકેટર અને ડીસા સ્પોર્ટન ક્રિકેટ ક્લબના કેપ્ટન અરવિંદ ઠાકોરના નેતૃત્વમાં ટીમ ચેમ્પિયન બની હતી. આ ટુર્નામેન્ટ સફળ બનાવવા તેમજ ફાઈનલ ઈનામ વિતરણ કાર્યક્રમ ડીસા નગરપાલિકા સભ્ય કાન્તિભાઈ સોની, ડીસા એકેડેમીના સીઈઓ અને આયોજક વિપુલ આલ ડીસા સાંઈબાબા સ્પોર્ટસ ક્લબ- રણજીતભાઈ ધૈરાવ, સુરેશભાઈ સોનેજી, હિતેશભાઈ સોની, શૈલેષ મકવાણા (ગાંગુલી), તેમજ (ડી.પી.એલ) કમિટીના સભ્યો હિંમાશુ ગજ્જર, લવ ઠક્કર, વિપુલ પરમાર દ્વારા ટુર્નામેન્ટને સફળ બનાવી હતી.

# 'આર્ટસ કોલેજ લવાણામાં "તમાકુ નિયંત્રણ" અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો




પ્રતિ. લવાણા

ગત્ત તા.૧૧-૧૨-૨૦૧૭ ને સોમવારના રોજ લાખણી તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા ઈમ્જીદ્ધ મેડીકલ ઓફીસર ડૉ.પ્રકાશસિંહ રાજપૂત અને તેમની ટીમના અધ્યક્ષ સ્થાને આર્ટસ કોલેજ લવાણામાં 'તમાકુ નિયંત્રણ' અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. 'વકતૃત્વસ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું સદર કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને નિર્ણાયક પ્રા.પી.આર. શ્રીમાળી દ્વારા ૧ થી ૩ નંબર આપી આરોગ્ય વિભાગ લાખણી તાલુકા વતી પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યાં હતા. જેમાં પ્રથમ નંબરે વેણ ભારતીબેન, દ્રિતિય નંબરે ચૌધરી મનીષાબેન અને તૃતિય નંબરે વાઘેલા નીમુબા રહ્યા હતા.

સદર કાર્યક્રમને બિરદાવતા કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.યુ.કે રાજપૂત અને મેડીકલ ઓફીસર ડૉ.પ્રકાશસિંહ રાજપૂત, કોલેજના પ્રિન્સિપાલ વી.ટી. સાસુને વ્યસનથી થતી નકારાત્મક અસરો વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને અભિમુખ કર્યા હતા. તથા તમામ વિદ્યાર્થીઓને વ્યસનના દૂષણથી દૂર રહેવા માટે આહવાન કર્યું હતું. સદર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડી.કે રાજપૂતે કર્યું હતું.

# રોટરી ક્લબ ડીસા દ્વારા રોટેક્ટર્સનું બહુમાન

ડીસા

રોટરી. ડીન. ૩૧૯૦ માંથી બેંગલોરથી સમગ્ર ભારતનો પ્રવાસ સાઈકલ દ્વારા કરીને ''એન્ડ પોલિયો મિશન રોટરી'' નો મેસેજ લઈને ૬૦૦૦ કિ.મી.નો પ્રવાસ પુરો કરીને સવારે ૧૧ વાગે રોટ્રેક્ટર્સ પાવન અને રોટ્રેક્ટર્સ ભાગ્યશ્રી ડીસા પધાર્યા હતા. તેમનું ભવ્ય સ્વાગત રોટરી ક્લબ ડીસાના પ્રમુખ રોટે. નટુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રોટે. વિનુભાઈ ઠક્કર, રોટે. નાનકભાઈ ઠક્કર, રોટે. શાંતિભાઈ ઠક્કર, રોટે. ગોપાલભાઈ જોષી, રોટે. રાજુભાઈ શાહ, રોટે.ડૉ. હેતલબેન તથા રોટે.ડૉ. ડિકેશભાઈ ગોહિલ તથા રોટ્રેક્ટ પ્રમુખ નિતિનભાઈ ઠક્કર અને તેમની ટીમ હાજર રહી હતી. છેલ્લે રોટરી ક્લબ ડીસાનો ફ્લેગ આપીને બંને સાઈકલીસ્ટને વિદાય આપી હતી.

# ચિત્રાસણીમાં "રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ" યોજાયો

પાલનપુર

ગત તા.૩૦/૧૧/૨૦૧૭ ના રોજ શ્રી સી.જે. કોઠારી હાઈસ્કુલ ચિત્રાસણીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચિત્રાસણી તથા તાલુકા હેલ્થ કચેરી પાલનપુરના ઉપક્રમે ચિત્રસ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બી.આઈ.સી.ઓ પાલનપુર દિનેશભાઈ સોલંકી, મેડીકલ ઓફિસર ડૉ.એસ.સી. પ્રજાપતિ તેમજ ચિત્રાસણી આરોગ્ય કેન્દ્ર સુપરવાઈઝર અશોકભાઈ પરમાર તેમજ આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના - ભજન- ધૂન દ્વારા કરવામાં આવી હતી. તેમજ પધારેલ મહેમાનોનું સુતરની આંટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. દિનેશભાઈ સોલંકીએ વિદ્યાર્થીઓને વ્યસનોથી થતા નુકશાન અને છોડવા માટેના ઉપાયોની જાણકારી આપી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય જી.જે.પટેલે વિદ્યાર્થીઓને વ્યસનો ન કરવા તેનાથી થતા સામાજીક પતનની જાણકારી આપી હતી. વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તેમજ પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આરોગ્ય કેન્દ્ર ચિત્રાસણી દ્વારા ઈનામ તેમજ સમગ્ર શાળાના વિદ્યાર્થીઓને નાસ્તો આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની આભારવિધિ દિક્ષિતભાઈ સાધુ દ્વારા કરવામાં આવી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાના શિક્ષક કમલેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જનતા ચૂંટણી માટે ઈવીએમ નહી બેલેટ પેપર જ ઈચ્છે છે

અમદાવાદ

તાજેતરમાં જ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ, કોંગ્રેસના સિનિયર નેતા રાજ બબ્બર સહિતના રાજકીય નેતાઓએ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ઈવીએમ મશીનમાં ગડબડીની દહેશત વ્યકત કરી હતી ત્યારે આજે વધુ એક રાજકીય પક્ષ બહુજન મુકિત પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ વી.એલ.માતંગ અને પ્રદેશ અધ્યક્ષ ગોવિંદભાઈ પરમારે ઈવીએમને લઈ ખુલ્લો વિરોધ જાહેર કર્યો હતો. બહુજન મુકિત પાર્ટીના આ નેતાઓએ વિધાનસભા ચૂંટણીમાં ઈવીએમના ઉપયોગ કરવાના ચૂંટણી પંચના નિર્ણયને વખોડી કાઢયો હતો અને જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ ઈવીએમનો ઉપયોગ કરી લોકશાહીના મહાપર્વ મતદાન પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ ડગાવી રહી છે. દેશની જનતા આજે ચૂંટણી માટે ઈવીએમ નહી બેલેટપેપર ઈચ્છી રહી છે. આગામી દિવસોમાં બહુજન મુકિત પાર્ટી દ્વારા ઈવીએમ મુદ્દે લોકજાગૃતિ માટે આશ્ચર્યકારક કાર્યક્રમો આપવામાં આવશે. બહુજન મુકિત પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ વી.એલ.માતંગ, તેલંગાણાના પક્ષના પ્રદેશ પ્રમુખ ચિંતાલા અને બહુજન મુકિત પાર્ટીના ગાંધીનગર દક્ષિણ બેઠકના ઉમેદવાર કેયુરભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે, બેલેટપેપરથી મતદાનની પધ્ધિતમાં સામાન્ય માણસનો તેણે કરેલા મતદાનમાં એક પ્રકારનો વિશ્વાસ રહેતો હતો પરંતુ હવે ઈવીએમમાં વિશ્વાસ અને મતદાન ગુપ્ત રહેવાની બાબત જળવાતી નથી. ચૂંટણી પંચ ઈવીએમમાં ગડબડીની વાતનો ઈનકાર કરી રહી છે પરંતુ તે વાત સ્વીકારે છે કે તેમાં ખામી સર્જાય છે. તો એ ખામી શું હોય છે તે કેમ ઉજાગર કરતી નથી.

**શ્રી જે.ડી.અજબાણી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

નાયક સોનુ યોગેશભાઈ અને તૃતીય નંબરે- દરજી રિધ્ધિબેનને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડૉ.નિરવભાઈ ત્રિવેદી, હરેશભાઈ, હિતેષભાઈ, સંજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અશોકભાઈ પ્રજાપતિ, કાશીરામભાઈ રાજગોરે વ્યસનમુક્તિ પર સુંદર વક્તવ્ય આપી પ્રતિજ્ઞા લેવડાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક દિનેશભાઈ પઢિયાર તેમજ આભારવિધિ પ્રવિણભાઈ રાઠોડે કરી હતી. સમગ્ર સ્ટાફના સહયોગથી કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થયો હતો.

**થરાદના ડેલના ...**

**અનુસંધાન ૪ નુ ચાલુ..**

પરંતુ કોઇ જ કાર્યવાહી કરવામાં નહી આવતાં લોકશાહીમાં તેઓ મતદાનથી વંચિત રહેવા પામ્યાછે.એક માત્ર ૨૦૧૨ની વિધાનસભાની ચુંટણીમાં ચુસ્ત બંદોબસ્ત મળતાં મતદાર પરિવારો મતદાન કરી શક્યા હતા.ગુરુવારે ફરી પાછી વિધાનસભાની ચુંટણી યોજાઇ રહી છે,ત્યારે આ પરિવારોએ તેમને મતાધિકાર કરવા જતાં હુમલાની દહેશત અને જાનનું જોખમ હોઇ ગુરૂવારે સાંજે ચાર વાગ્યે ખેતરથી ગામ સુધી પોલીસ બંદોબસ્ત સાથે મતદાન કરાવવાની માંગણી કરી છે.આ અંગેની લેખિત રજુઆત બુધવારે થરાદ પ્રાંતકચેરીને કરી હતી.આ અંગે સુત્રોએ જણાવ્યું હતુંકે આખા થરાદ તાલુકામાં ડેલ અને થરાદ શહેરના દરબારગઢના ૧૧ નંબરના મતદાન મથકનો સમાવેશ વનરેબલ મતદાન મથક તરીકે કરવામાં આવ્યોછે. આ મતદાન મથકમાં ચુંટણીની હાઇ લેવલની સિક્યુરીટી આપવા પોલીસને સુચના અપાઇ છે.હવે જોવાનું એ રહે છે કે ડેલના અસુરક્ષિત મતદારો મતદાન કરી શકશે કે નહી.નોંધનીય છેકે ચુંટણી ઓબ્ઝર્વર વિરેન્દ્રસીહ પણ ગુરૂવારે આ બંન્ને મતદાનમથકની મુલાકાત લેશે.

**ડીસામાં ભાજપના...**

**અનુસંધાન ૪ નુ ચાલુ..**

તા.૨૮/૧૧/૨૦૧૭ થી તા.૧૩/૧૨/૨૦૧૭ સતત ૧૫ દિવસ બહુ વાતો કરી ભાષણો ઠર્યા, ભાષણો સાંભળ્યા, શહેર તાલુકાના કાર્યકરોએ સતત મહેનત કરી તે ધન્યવાદને પાત્ર છે પરંતુ આજે તા.૧૪/૧૨/૨૦૧૭ ને ગુરૂવારે હવે માત્ર વાતો નહી, માત્ર સદભાવના નહી, જેનું મૂલ્ય ન થઈ શકે તેવો અમૂલ્ય મત આળસ કે વિલંબમાં મતદાન કરવાનું ન રહી જાય તે માટે કાર્યકરો સજાગ અને જાગૃત છે છતાં કહેવાતા શીક્ષત વર્ગમાંજ મતદાનની આળસ હોય છે મારો એક મત આપવાથી કે ન આપવાથી શો ફેર પડી જશે આવું માનનારને ખ્યાલ નથી કે ભારતના માજી રેલવે પ્રધાન અને રાજસ્થાન કોંગ્રેસના પ્રમુખ સી.પી. જોષી માત્ર એક મતથી હારી ગયા હતાં. જો જીત્યા હોત તો રાજસ્થાનમાં મુખ્યમંત્રીપદના દાવેદાર હતાં. માટે જ ચાણક્યે કહ્યુ છે કે, દુર્દશા માટે દુર્જનોની દુર્જનતા કરતાં સજ્જનોની નિષ્ક્રીયતા વધારે જવાબદાર હોય છે. આપણે સૌ આવી વૃત્તિથી અશાંતી, કરફ્યું કેટલા વેઠ્યા હતાં.

કોઈપણ પક્ષની સરકાર હોય કે કોઈપણ ઉમેદવાર હોય સતાના વિરોધમાં અનેક અનુમાનો રહેવાના જ. યુપીની ચૂંટણી વખતે પણ અનુમાનો અને અટકળો હતાં છતાં ભાજપનો અભૂતપૂર્વ વિજય થયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ લોકકલ્યાણના અનેક પગલાં ભર્યા તેની સીસ્ટમના અમલમાં પ્રજાને મુશ્કેલી પડી તો સતત સુધારા કરાયા છે. સરકારના કોઈપણ કાર્યક્રમનો હેતુ પ્રજાના કલ્યાણનો હોય છે. અમલ થતાં ખ્યાલ આવે કે પ્રજાને અગવડ પડે છે. તો ભાજપ હંમેશા પ્રજા હિતિમાં સુધારા કરે જ છે. એમાય શશીકાંતભાઈને દાયકાઓથી ખ્યાલ છે કે આવડા મોટા વહીવટી તંત્રમાં બધા સરખા ન હોય. પ્રજાના કામ તાલુકા - જિલ્લા કક્ષાએ ન થતાં હોય તો અસરકારક રજુઆત કરવી જ પડે. એકલા નરેન્દ્રભાઈ કે એકલા વિજયભાઈ દિલ્લી કે ગાંધીનગરમાં બધુ ન કરી શકે. પ્રજાના કામોમાં વિલંબ કે અગવડ સામે શશી-કાંતભાઈ હંમેશા ઝઝુમ્યા છે. ધારાસભ્ય બન્યા પછી પ્રજાના વિનમ્ર સેવક તરીકે ખુમારીથી ઝઝુમશે એવી ખાતરી આપે છે. ડીસા શહેર તાલુકામાં આજે મતદાન દિને મતદાન માટે ડીસા વિધાનસભા બેઠક ઈન્ચાર્જ મગનલાલ માળી, સહઈન્ચાર્જ મહેશભાઈ દવે, રસીકજી ઠાકોર, સુમેરસિંહજી, ગુજરાત એસ.ટી.નિગમ ડીરેક્ટર દિનેશભાઈ અનાવાડીયા, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રીઓ ચેતનભાઈ ત્રિવેદી, અશોકભાઈ પટેલ તેમજ અન્ય હોદ્દેદારો અને કાર્યકરો, ડીસા ન.પા.પ્રમુખ પ્રવિણભાઈ માળી તેમજ ન.પા.ના અન્ય સભ્યો, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર, મહામંત્રીઓ બાબરસિંહ વાઘેલા, રમેશભાઈ દેસાઈ, ડીસા તા.પં.પ્રમુખ ડાહીબેન વીજુભા વાઘેલા તેમજ તાલુકા પંચાયત ડેલીગેટો, જિલ્લા પંચાયત પૂર્વ ડેલીગેટો, ભાજપ સંગઠનના પૂર્વ હોદ્દેદારો તમામ કાર્યકરો, દલિત સમાજના શુભેચ્છકો, આગેવાનો, યુવા ભાજપ, ભાજપ મહિલા મોરચો, ભાજપ બક્ષીપંચ મોરચો, ભાપ અનુ.જાતિ મોરચો, નામી - અનામી અનેક શુભેચ્છકો દ્વારા શશીકાંતભાઈના સમર્થનમાં મતદાન માટે ચોકસાઈપૂર્ણ વ્યવસ્થા ગોઠવાયેલ છે.

**૨૬ જાન્યુઆરી ૨૦૧૧...**

**અનુસંધાન ૪ નુ ચાલુ..**

ફરકાવ્યો થોડીવારમાં પોલીસ આવી પોલીસ તૂટી પડી. પાંચને વારાફરથી પકડવા લાગ્યા. ચારમાંથી જે પકડાતા જાય તે બીજાને તિરંગો આપી દે. આ રીતે તિરંગો ફરકાવવાનું કામ પૂર્ણ કર્યું હતું.ગુજરાતના ચાર યુવાનો પર પોલીસ તૂટી પડી નિર્દયતાથી માર માર્યો. ત્યાંથી જેલમાં લઈ ગયા ત્યાં પણ માર માર્યો. જેટલીજી, સુષ્મા સ્વરાજજી,અનંત કુમારજી, અનુરાગસિંહજી ઠાકોરને જમ્મુમાંજ અટકાવ્યા. ગુજરાતના ચાર યુવાનોના પરાક્રમથી આ નેતાઓમાં પ્રસન્નતા થઈ ગુ-જરાત જેની એકતા પર ગૌરવ લઈ શકે તેવા ભારતમાતાના મર્દ સપૂતોઓએ માતૃભૂમિની વંદના કરી હતી.

આજે તા૧૪/૧૨/૨૦૧૭ ને ગુરૂવારે મતદાન દિન છે ત્યારે ડીસા શહેર તાલુકાના મતદારો પોતાના અંતર આત્માને એક સવાલ પૂછજો કે, સત્તા - સંપત્તિ માટે સૌ પ્રયત્ન કરે પરંતુ મોત સામે હોવા છતાં ચાણક્ય જેવા બુધ્ધિશાળી એવા શશીકાંતભાઈ ડીસાના ધારાસભ્ય બનશે તો વહીવટીતંત્ર સમક્ષ લોકોના પ્રશ્નો કેવી સચોટતાથી રજુ કરશે એ વિચારીને અંતર આત્મા હા પાડે તો અવશ્ય કમળને મત આપજો અને અપાવજો તેવી શશીકાંતભાઈએ અપીલ કરી છે.

**આજે બનાસકાંઠાની...**

**પાના નં.૫ ચાલુ**

મતદારો શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કરી શકે તે માટે બનાસકાંઠા જિલ્લા કલેકટર આર. જે. માકડીયા, જિલ્લા વિકાસ અધિકારી અમીત અરોરા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી. કે. ઉપાધ્યાય, જિલ્લા પોલીસવડા નિરજ બડગુજર, ચીફ નોડલ ઓફિસર વિપુલ મહેતા સહિત અધિકારીઓની ટીમ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જેમના માર્ગદર્શન હેઠળ બુધવારે ઈ.વી.એમ. સહિતની સાધન- સામગ્રી જે- તે મતદાન મથકે રવાના કરવામાં આવી હતી. આમ, બનાસકાંઠામાં તટસ્થ અને ન્યાયી ચૂંટણી માટે તંત્રે કમર કસી છે.

**થરાદ વિધાનસભાની...**

**પાના નં.૮ ચાલુ**

રૂટોના ૨૫૧ મતદાન મથકો પર ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીમાં પ્રિસાઈડીગ, પીઓ ૧ અને પીઓ મળીને ૮૧૦નો સ્ટાફ સીધો ચુંટણીની કામગીરી તથા અન્ય (રિઝર્વ)મળીને ૧૦૫૬નો કુલ સ્ટાફ પણ તૈનાત કરવામાં આવ્યો છે.જયારે ૧૩૦૦ કર્મચારીઓ સુરક્ષાની જવાબદારી સંભાળશે.તે પુર્વે મતદાનમથકો પર ફાળવવામાં આવેલાં ૨૫૧ બુથ અને ૨૫ રિઝર્વ મળીને કુલ ૨૭૬ ઈવીએમ (ઈલેકટ્રેક વોટિંગમશીન) ઓબ્ઝર્વર અને ચૂંટણી અધિકારીની દોરવણી પ્રમાણે માસ્ટર ટ્રેનરો દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને વિડીયોગ્રાફી વચ્ચે તૈયાર કરવામાં આવ્યા હતા.જે મતદાનમથકો પર રવાના કરવામાં આવ્યાં હતાં.જ્યારે થરાદ વિધાનસભામાં કુલ ૨૦૯૧૮૩ મતદારો જેમાં ૧૧૦૯૩૪ પુરુષ મતદારો અને ૯૮૨૪૯ મહિલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. થરાદ વિધાનસભા મતવિસ્તારમાં કુમારશાળા અને ગગાણા ગામને આદર્શ મતદાન મથક જાહેર કરવામાં આવ્યું છે તેમજ થરાદ આનંદનગર પ્રાથમિક શાળામાં વોર્ડ નં ૭ને મહિલા મતદાન મથક તેમજ કુમારશાળાને મોડલ મથક તરીકે અપાયું છે.

**ધાનેરાના ૨૭૪...**

**પાના નં.૮ ચાલુ**

એફ.ના જવાનો તૈનાત કરવામાં આવેલ છે. શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે તંત્રની પૂરી તૈયારી છે.

અત્રે એ નોંધવું જરૂરી છે કે ચુંટણીની ગંભીરતા વહીવટીતંત્ર માટે કેટલી કડક અને સજાગ છે ધાનેરા મામલતદારના મોટાભાઈનું અચાનક મોત થયેલ છતાં તેઓ તેમની ફરજ નિષ્ઠાપૂર્વક અદા કરી રહ્યા છે તે જોઈ તમામ કર્મચારીઓમાં સોપો પડી ગયો હતો.

**નેનાવા ચેકપોસ્ટ ...**

**પાના નં.૮ ચાલુ**

રોકવાની કોશીષ પોલીસ કરે તે પહેલાં ચાલક ભાગી છૂટતાં ચાલક મુખ્તીયારસિંગ ગુરૂ દયાલસિંગ શીખ(જાટ) નો પીછો કરી અટક કરી ગાડીની તલાસી લેતાં ગાડીમાંથી બીયારણ ના કટ્ટા નીચે સંતાડી રાખેલી વિદેશી દારૂની બોટલ પેટી-૪૧૦ બોટલનંગ ૧૧૮૩૨ કિંમથી રૂા. ૧૯,૬૮ લાખ તથા ૧૫ લાખની ગાડી. ૧ મોબાઈલ ૫૦૦ રૂા.નો મુદામાલ મળી કુલ રૂા.૩૪,૬૮ ૫૦૦નો પકડી પાડી આરોપીને જેલ હવાલે કરેલ પી.આઈ પાઠકની સાથે આર કે પાઠક તથા દીલાવર ખાન, ભેમજીભાઈ, જબ્બરસિંગ, પ્રકાશભાઈ, બી એસ એફના જબ્બરસીંગ વિગેરે જોડાયા હતા.

**કોઈપણ સરકાર...**

**પાના નં.૮ ચાલુ**

તેની મક્કમતા પૂર્વક રજૂઆત કરીશ. આપણાં તાલુકાની બીનગ્રાંટેબલ શાળાઓને ગ્રાન્ટેબલ કરવા માટે પ્રજાને સાથે રાખી લોકશાહી ઢબે સરકાર ઉપર દબાણ ઉભું કરીશ. ખેડૂતો, પશુ માલિકો, ખેતમજૂરો વેપારીઓ માટેના પ્રાણ પ્રશ્નોને ઉકેલવા હરહંમેશ તૈયાર રહીશ.વધુમાં આપણાં તાલુકામાં આરોગ્યલક્ષી કામગીરીમાં સુધારો આવે તે માટે પ્રયત્નશીલ રહીશ.

# ડીસા બેઠકના ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈ પંડ્યા સાથે સવાલ-જવાબનો સંવાદ..

પ્રશ્નઃ ભાજપ પાર્ટી તરફથી ખાસ કયા મુદ્દે આપને ટીકીટ મળે છે.

જવાબઃ ભાજપ પાર્ટીનો એક સિધ્ધાંત છે કે પક્ષના વફાદાર હોય તેવા નાના કાર્યકરને પણ ઉમેદવાર તરીકે જાહેર કરે છે. જ્ઞાતિવાદ પરિબળોને બદલે રાષ્ટ્રવાદ અને પાર્ટીના વફાદારને અગ્રતા અપાય છે.

પ્રશ્નઃ આપ છેલ્લા કેટલાં વર્ષથી પાર્ટી સાથે જોડાયેલ હતાં ?

જવાબઃ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં વિદ્યાર્થી કાળથી સમર્પિત છું. લગભગ ૩૫ વર્ષથી ભાજપ પાર્ટીના વફાદાર કાર્યકતા તરીકે સતત સક્રિય છું.

પ્રશ્નઃ ભાજપ ડીસાના ઉમેદવાર જાહેર થયાં પહેલાં આપ એ પક્ષમાં કઈ જવાબદારીઓ નિભાવી હતી ?

જવાબઃ પક્ષના પ્રાથમિક સભ્યથી લઈને જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ, ગુજરાત શ્રમજીવી કલ્યાણ બોર્ડ ડીરેક્ટર,ડીસા ન.પા. કારોબારી ચેરમેન, પક્ષ જે આદેશ આપે તે તમામ જવાબદારી નિભાવેલ છે.

પ્રશ્નઃ વર્તમાન ચુંટણીમાં ડીસા બેઠકની તમારી જીત માટે શું માનો છો ?

જવાબઃ છેલ્લા ૩૫-૩૫ વર્ષથી ડીસા શહેર તેમજ ગામડાંના અનેક પ્રશ્નો માટે રજૂઆત, આંદોલનની સક્રિય કામગીરી કરેલ છે. ડીસા ન.પા. વિસ્તારના શહેરી નાગરિકોની સુખાકારી સુવિધા માટે તેમજ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો માટે જે કાર્ય કરેલ છે ખાસ કરીને કોઈપણ જાતિવાદ વગર તમામ નાગરિકોને સાથે લઈને ચાલવાનો મારો સ્વભાવ છે. તેથી શહેર તાલુકાના મતદારો મને વોટ આપી વિજયી બનાવશે જ તેવી અતૂટ શ્રધ્ધા છે.

પ્રશ્નઃ ધારો કે તમે ચુંટણીમાં જીત મેળવી તો ધારાસભ્ય તરીકે ડીસા શહેરના કયા પ્રશ્નો માટે સરકારમાં રજૂઆત કરશો ?

જવાબઃ સૌ પ્રથમ મારી નજર ડીસા શહેરમાંથી પસાર થતાં ફોરલાઈન હાઈવે પર છે. ડીસાના શહેરી વિસ્તારમાં ટ્રાફીક જામ અને વારંવાર થતાં જીવલેણ અકસ્માતો અટકે એ માટે હું ડીસા શહેરના અગ્રણીઓનો સાથ લઈને નેશનલ હાઈવે ઓથોરીટીમાં પિલ્લરવાળા ઓવરબ્રીજ માટે રજૂઆત કરીશ અને જ્યાં સુધી સફળતા નહિ મળે ત્યાં સુધી સતત સંસદ સભ્ય અને કેન્દ્ર સરકારના મંત્રી હરીભાઈ ચૌધરીના નેતૃત્વમાં પ્રશ્નના ઉકેલ માટે સતત પ્રયત્નશીલ રહીશ.

પ્રશ્નઃ ભૂતકાળમાં વડાપ્રધાન મનમોહન-સિંહજીની કેન્દ્ર સરકારમાં આપ એ ડીસાના રેલ પ્રશ્નો બાબતે આંદોલન કરેલ. હવે તો તમારી પાર્ટીની સરકાર છે તો તેમાં શું કરશો ?

જવાબઃ હાલમાં કેન્દ્ર સરકારનું નેતૃત્વ ઉત્તર ગુજરાતના વડનગરના મુળવતની એવા નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન પદે તે સંભાળે છે તેઓ ઉત્તર ગુજરાતના અને ડીસાના રેલવે પ્રશ્નો સમજી શકે છે. ખાસ કરીને બીકાનેર દાદર એકસપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ ડીસા માટે મંજુર કરવાં રેલમંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરીશ. જેથી ડીસાના નાગરિકો સુરત, મુંબઈ જવા માટે મોંઘી લકઝરી બસ સેવાને બદલે સસ્તી અને સુરક્ષિત રેલવે સેવાનો લાભ મેળવી શકે તેમજ ભુજ પાલનપુર લોકલ અને ગાંધીધામ, પાલનપુર ઈન્ટરસીટી એકસપ્રેસ બંને ગાડીઓ માત્ર દોઢ કલાકના સમયગાળામાં ચાલે છે તેના બદલે ગાંધીધામ-પાલપુર ઈન્ટરસીટી દરરોજ સવારે પાલપુરથી ઉપડે તેવો સમય ફેરફાર કરવા રજૂઆત કરીશ.

પ્રશ્નઃ તમે ધારાસભ્ય તરીકે ચુંટાયા બાદ સામાન્ય નાગરિકને સહજ રીતે મળશો ?

જવાબઃ ડીસા વિસ્તારના કોઈપણ નાગરિક તેમના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી શકે તે માટે સપ્તાહમાં એક ખાસ દિવસ ફાળવીશ. અને વારંવાર મતવિસ્તારની રૂબરૂ મુલાકાત માટે પ્રવાસ ગોઠવીશ.

# અંકલેશ્વર જીઆઈડીસીમાં કેમ કલર કંપનીમાં કામદારનું મોત

પ્રતિ. અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી કેમ કલર કંપનીમાં રાસાયણિક પ્રકિયા દરમિયાન ગેસ લાગતા કામદારનું મોત નીપજ્યું હતું.

કેમ કલર કંપનીમાં ફરજ બજાવતા ૨૦ વર્ષીય યુવાન કામદાર વિનોદ ભીખાભાઈ મહેરાને કામ કરતી વખતે ગેસ લાગતાં ગંભીર હાલતમાં જયાબહેન મોદી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની હાલત વધુ ગંભીર જણાતાં આ બનાવ અંગે હોસ્પિટલ પર ફરજ પરના તબીબે જીઆઈડીસી પોલીસને ટેલીફોનથી જાણ કરી હતી.જેથી જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અને ગતરોજ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવને પોલીસે અકસ્માત ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અનેક દિગ્ગજ નેતાઓ આજે અમદાવાદમાં મતદાન કરશે

અમદાવાદ

આવતીકાલે રાજય વિધાનસભાની બીજા તબકકાની ચૂંટણી માટે સવારથી જ મતદાન શરૂ થઈ જશે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુળ ગુજરાતના હોઈ અને તેમનુ નામ શહેરના રાણીપ વિસ્તારની વિધાનસભા બેઠકની મતદારયાદીમા હોઈ તેઓ રાણીપ ખાતે આવેલી નિશાન સ્કૂલમા પહોંચી મતદાન કરશે આ ઉપરાંત ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમા આવેલી સબ ઝોનલ ઓફિસ ખાતે પહોંચી પોતાનામતાધિકારનો ઉપયોગ કરશે.આવતીકાલે રાજયની અન્ય વિધાનસભા બેઠકોના મતદાનની સાથે અમદાવાદ શહેરની ૧૬ વિધાનસભા બેઠકો માટે પણ સવારના ૮ કલાકથી મતદાનનો આરંભ થઈ જશે આ સમયે રાજયસભામાંથી ચૂંટાયેલા અને દેશના નાણામંત્રી અરૂણ જેટલીનુ નામ પણ અમદાવાદ શહેરની મતદારયાદીમા હોવાથી તેઓ અમદાવાદના એસજી હાઈવે પર આવેલા ચીમનભાઈ ઈન્સ્ટીટયુટ ખાતે પહોંચીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન અને ભાજપાના પીઢ નેતા એલ.કે.અડવાણીનુ નામ પણ અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારની મતદારયાદીમા હોવાથી તેઓ શાહપુર વિસ્તારમા આવેલી હીન્દી શાળા ખાતે પહોંચીને મતદાન કરશે.આ ઉપરાંત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ કડીની સંસ્કારભારતી શાળા ખાતે સવારે ૧૦ કલાકે અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શીલજ પ્રાથમિક શાળા ખાતે સવારે ૮ કલાકે મતદાન કરવા પહોંચશે.આ વખતે પહેલી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બીજા તબકકાની ચૂંટણી અગાઉ વિવિધ વિધાનસભા બેઠકો માટે ઝંઝાવાતી અને આક્રમક ચૂંટણી પ્રચાર કરવામા આવ્યા બાદ આવતીકાલે ફરી એકવાર તેઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અમદાવાદના રાણીપ વિસ્તારમા આવેલી નિશાન સ્કૂલમાં પહોંચવાના હોઈ આ સમગ્ર વિસ્તારમા સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાથી લઈને બોંબ સ્કવોર્ડ,ડોગ સ્કવોર્ડ વગેરે દ્વારા આ સ્કૂલની આસપાસના વિસ્તારની ચકાસણી કરી લેવામા આવી છે.

# મુડેઠા ટોલનાકા પાસે ચુંટણી અંતગર્ત વાહન ચેકીંગ હાથ ધરાયું



સાદુલસિહ રાઠોડ

ડીસા તાલુકાના મુડેઠા ટોલનાકા પાસે ચુંટણી અંતગર્ત લઈ કોઈ પણ પ્રકાર નો દારૂ ની હેરાફેરી ન થાય અને બીજા કોઈ પ્રકાર લઈ મુડેઠા ટોલનાકા પાસે ચેકીગ ઝુંબેશ હાથ ધરાઈ હતી જેમાં સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા મુડેઠા ટોલનાકા પાસે વાહન ચેકીગ હાથ ધરાયું હતું.

# ડીસા કોલેજના યજમાન પદે યુનિવર્સિટી ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ



ડીસા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ ક્રિકેટ ભાઈઓની સ્પર્ધાનો શુભારંભ ગતરોજ ડી.એન.પી. આ/ કો. કોલેજ ડીસાના યજમાન પદે થયો હતો. આ સ્પર્ધામાં કુલ ૩૩ ટીમોએ ભાગ લીધેલ છે. આ સ્પર્ધા જી.સી.એ. ના નિયમ મુજબ નોક આઉટ પધ્ધતિથી રમાડવામાં આવશે. આ સ્પર્ધા સતત ૧૨ વર્ષથી ડીસા કોલેજ ખાતે રમાડવામાં આવે છે.

આજે ટુર્નામિન્ટની પ્રથમ મેચ સાયન્સ હિંમતનગર અને આંજણા કોમર્સ પાલનપુર વચ્ચે યોજાઈ હતી. જેમાં ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા કોલેજના નિયામક છગનભાઈ પટેલ, તેજશ આઝાદ, કે.એમ.પટેલ, પ્રો. ગણાવા તથા ડીસાના ક્રિકેટ પ્રેમીઓ હાજર રહેલ. આ પ્રસંગે ટી.સી.ડી. કોચ વિપુલ આલ અને કોલેજ શા.શિ. નિયામક ડૉ.આર.ડી. ચૌધરીએ હાજર રહી ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવેલ.

# દાંતાના રતનપુર ખાતે આદર્શ મતદાન મથક ઉભુ કરાયું

પ્રતિનિધિ દાંતા

આદર્શ મતદાન મથક એટલે સ્વચ્છ સુશોભિત અને તમામ વ્યવસ્થા સાથે દાતાના રતનપુર ખાતે આદર્શ મતદાન મથક ઉભુ કરવામાં આવ્યું છે. જેમાં પાણીથી લઈ શૌચાલય સુધીની તમામ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

# ચાણસ્મા વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર વિજય થવાની પુરી શક્યતા

જિ.પ્રતિ પાટણ

૧૭ - ચાણસ્મા વિધાનસભામાં અપક્ષ ઉમેદવારે જોર કર્યું પણ ફાવ્યા નહિ અને ભાજપ - કોંગ્રેસ વચ્ચે કાંટાની ટકકર લાગી પરંતુ હવે કોંગ્રેસના રઘુભાઈના સમર્થકો અને કાર્યકરોની મહેનત



રંગ લાવી ચૂકી છે અને રઘુભાઈ દેસાઈની વિજયકૂચની પૂરી શક્યતાઓ દેખાઈ રહી છે. રઘુભાઈના મિત્રો અને કોંગ્રેસના ભાઈ - બહેનોએ રાત દિવસ મહેનત કરી છે તે એળે નહિ જાય.. તે વાત ચોક્કસ છે.

# દાંતા શાળા નં.૧ ખાતે સખી મતદાન મથક ઉભુ કરાયું

પ્રતિ. દાંતા

દાંતા ખાતે શાળા નં.૧ ખાતે સખી મતદાન મથક ઉભુ કરવામાં આવ્યું છે. જેના ઉદેશ મહિલાઓ વધુમાં વધુ મતદાન કરવા જોડાય અને આ સખી મતદાન મથક ગુલાબી કલરમાં બનાવવામાં આવેલ છે અને તમામ મતદાનની કામગીરી મહિલા કર્મચારીઓ દ્વારા કરવામાં આવી છે.

# લાખણીમાં આરોગ્ય વિભાગ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓમાં તમાકુના વ્યસન બાબતે જાગૃતિ લાવવાના હેતુસર શુક્રવારના રોજ લાખણીની શ્રી સરસ્વતી વિદ્યાલય ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓમાં તમાકુના વ્યસન બાબતે જાગૃતિ લાવવાના હેતુસર લાખણી તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા શ્રી સરસ્વતી વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓની વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને દરેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબરને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન લાખણી તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.પી.આર. મોદીએ તમાકુ વ્યસનની આડઅસરો, શારીરિક આર્થિક નુકસાન બાબતે વિસ્તૃત જાણકારી આપી દરેક વિદ્યાર્થીઓને વ્યસનથી દુર રહેવા તેમજ પોતાના ઘરની આસપાસ લોકોમાં તમાકુ વ્યસન અંગે જાગૃતિ લાવવા અપીલ કરી હતી.

# શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય ડીસામાં વ્યસનમુક્તિ કાર્યક્રમની ઉજવણી

ડીસા

શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં તા. ૦૮/૧૨/૨૦૧૭ ને શુક્રવારના રોજ અર્બન હેલ્થ સેન્ટર, ડીસા તરફથી વ્યસનમુક્તિ કાર્યક્રમની શાનદાર ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તેમજ દિપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ. શાળાના આચાર્ય જગદીશભાઈ પરમારે આવેલ મહેમાનોનું શબ્દોથી સ્વાગત તેમજ અધ્યક્ષ ડૉ.નિરવભાઈ



ત્રિવેદીનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યું હતું. આ વકતૃત્વ સ્પર્ધામાં ધોરણ ૯ થી ૧૨ ના કુલ ૧૦ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. તેમાં ૧ થી ૩ નંબર આપવામાં આવેલ. જેમાં પ્રથમ નંબરે ઘટ્ટવીર મુકુંદભાઈ દ્વિતિય નંબરે

અનુસંધાન પાના નં.૨

# પ.પૂ ગચ્છાધિપતિ આ.દવે કલ્પજયસૂરી મહારાજાની નિશ્રામાં રૂની તીર્થે પોષ દશમી ઉજવાઈ..

પ્રતિ. થરા

પ.પૂ ગચ્છાધિપતિ આ.દવે કલ્પજય સૂરીશ્વરજી મ.સાની પ્રેરણાથી નવનિર્મિત થયેલ રૂનીતીર્થમાં સ્વપ્ન દ્વારા જમીનમાંથી આશરે ૫૦૦ થી વધારે વર્ષ પહેલાં પ્રગટ થયેલ પ્રભુપાર્શ્વની ચરણપાદુકા બિરાજમાન છે તથા નૂતન ત્રિશિખરીય જિનાલયમાં પ્રભુગોડી પાર્શ્વનાથ દાદાની ભવ્ય પ્રતિમાજી બિરાજમાન છે જ્યાં સતત અમીરઝરણા ચાલુ રહે છે અને બેતાલીસી સમાજ સહીત પ્રભુ ભક્તોનું આસ્થાનું કેન્દ્ર છે એવા રૂની તીર્થે માગશર વદ-૧૦ ના વર્ષોથી મેળાની પરંપરા રહી છે આ વખતે યોગાનુયોગ પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ કલ્પજય સૂરીશ્વરજી મહારાજા તથા પ.પૂ. પન્યાસ શિલરત્ન વિજય મ.સા તથા પૂ.શિલચંદ્ર વિજય મુનીરાજ તથા પૂ.સાધ્વીજી ભગવંતો ની પાવન નિશ્રામાં પ્રભુપાર્શ્વના જન્મ કલ્યાણકની ભાવપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી જેમા સવારે ભગવાન તથા પગલાંની અષ્ટપ્રકારી પૂજા ભાવથી થઈ બપોરે બેતાલીસી સમાજ તરફથી કાયમી સ્વામી વાત્સલ્ય દ્વારા પધારેલા તમામની ભક્તિ કરવામાં આવી બપોરે ૨-૦૦ કલાકે પૂ.ગચ્છાધિપતિ આ.દેવ કલ્પજય સૂરી મહારાજાએ વ્યાખ્યાનમાં પ્રભુ પાર્શ્વનાથના જન્મ કલ્યાણકની મહત્તા અને પૂ.પન્યાસ શીલરત્ન વિજય મ.સા શ્રીએ ચોમાસામાં આવેલ પુરથી તીર્થને થયેલ નુકસાન અને તેની સામે તીર્થપ્રેમી ભક્તોએ આપેલ દાનની સાથે વધુ દાન માટે પ્રેરણા કરી પૂજ્ય વિજયચંદ્રસૂરીશ્વરજી મ.સાના સ્વપ્ન તીર્થ અને પૂ.ગચ્છાધિપતિ શ્રીની પ્રેરણા અને પૂ.પંન્યાસ શ્રી શીલરત્ન વિજયચંદ્રસૂરીશ્વરજી વિજયની મ.સાની માર્ગદર્શન તથા રૂની તીર્થના ટ્રસ્ટીશ્રીઓના પરિશ્રમથી તીર્થ સંકટમાંથી પસાર થઈ ફરી નવનિર્મિત થયું તેની અનુમોદના કરી. જન્મ કલ્યાણક ઉત્સવે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રભુ ભક્તોએ ભક્તિ કરી રૂની ટ્રસ્ટીમંડળ અને કાર્યાલય સ્ટાફ, તથા થરા પેઢી સ્ટાફે સુંદર યોગદાન આપ્યું.

# સરકારી માધ્યમિક શાળામાં વ્યસન મુક્તિ અંગે વકૃત્વ સ્પર્ધા યોજાઈ


સાદુળસિંહ રાઠોડ

પ્રતિ. મુડેઠા

તા.૧૧-૧૨-૨૦૧૮ ના રોજ સરકારી મા.શાળા મુડેઠા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિલાન ગુજરાત દ્વારા વ્યસન મુક્તિ અભિયાન અંતગર્ત વ્યસનથી સમાજ અને સ્વાસ્થ ઉપર થતા ગેરલાભો વિશે શાળાના બાળકો સાથે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય વિભાગના રમેશભાઈ જે. મકવાણા (લોરવાડા P.H.C) મુડેઠા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મલ્ટીપર્યર હેલ્થ વર્કર સૂરતાનસિંહ, રાહુલભાઈ નાઈ, પ્રવિણભાઈ પરમાર હાજર રહ્યાં હતાં. આ વિષય પર આરોગ્ય વિભાગ અધિકારોએ સુંદર માહિતી પૂરી પાડી હતી. શાળાના બાળકો પણ વ્યસનના સમાજ ને સ્વાસ્થ પર થતી અસરને લઈને પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. જેમાં શાળા વકૃત્વ સ્પર્શામાં પ્રથમ નંબર પરમાર કાળાભાઈ, દ્રિતિય નંબર જોષી બિંદુ અને ત્રીજો નંબર નાઈ સાગરભાઈ આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા ઈન્ચાર્જ તરૂણભાઈ તથા જગદીશભાઈ કિરણભાઈ, દશરથભાઈ તથા વિપુલભાઈએ સારી જહેમત-ઉઠાવી હતી.અને કાર્યક્રમનું સમાપન (આભાર-વિધી) શાળા શિક્ષક જગદીશભાઈએ કરીને કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.

# બનાસકાંઠા જિલ્લા કક્ષાએ શ્રી ગજાનંદ રાહની રાજેશ્વર સેવન સ્ટાર ટીમ ચેમ્પિયન બની



ડીસા

વંડર સિમેન્ટ સાથઃ ૭ ક્રિકેટ મહોત્સવ ૨૦૧૭ માં બનાસકાંઠા જિલ્લા લેવલની મેચો ડીસા ખાતે યોજાઈ હતી. જેમાં તાલુકા લેવલની ૭ ચેમ્પીયન ટીમો વચ્ચે મુકાબલો થયો હતો. જેમાં શ્રી ગજાનંદ રાહની (થરાદ) રાજેશ્વર સેવન સ્ટારની ટીમે જબરજસ્ત દેખાવ કરી ક્વાર્ટર ફાઈનલમાં ધાનેરા ટીમને હરાવી. સેમી ફાઈનલમાં કાંકરેજ તાલુકાની થરા ટીમને હરાવી અને ફાઈનલમાં દિયોદર તાલુકાની ટીમને હરાવી બનાસકાંઠાની ચેમ્પીયન ટીમ બની છે.

ડીસા ખાતે ચેમ્પીયન ટીમને કપ અને ૧૪૦૦૦ (ચૌદ) હજારનું રોકડ પુરસ્કાર આપવામાં આવેલ. જે હવે અમદાવાદ ખાતે ૧૭ મી તારીખે વિભાગ સ્તરની મેચ રમવા જશે. આ ટુર્નામેન્ટની ફાઈનલ ૨૪ મી તારીખ ઉદેપુર(રાજસ્થાન) માં રમાશે. જ્યાં ભારતના પૂર્વ ક્રિકેટર કપિલદેવની ઉપસ્થિતિમાં રમાશે.

# થેરવાડા ખાતે તમાકુ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ડીસા

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તમાકુ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત પ્રા.આ.કે. ભડથના થેરવાડા ગામની નાલંદા વિદ્યાલયમાં તા. ૧૨/૧૨/૧૭ ને મંગળવારના રોજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તાલુકા હેલ્થ ઑફિસર ઝવેરીના માર્ગદર્શન હેઠળ પ્રા.આ.કે. ના મે.ઑ. દ્વારા કરવામાં આવેલ હતું.

આ સ્પર્ધામાં ભાગ લેનાર ૮ બાળકોને પ્રથમ, દ્વિતિય અને ત્રીજો નંબર તેમજ બીજા સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં વિદ્યાલયના શિક્ષકોનો સહકાર મળ્યો હતો.

# "લાઠી કરતાં પલાઠીમાં પાંચ ઘણી તાકાત વધુ છે ? : રાજરક્ષિતવિજયજી મ.સા

નવસારી



તપોધન-નવસારીમાં આચાર્ય હંસકીર્તિ સૂરિજીએ સૂરિમંત્રની પીઠીકાનો આરંભ કર્યો હતો. તે પૂર્વે નાની બાલીકાઓએ મંગલકળશ ધ્વારા. મંગળ કરાવેલ,તપોવની ૨૫૦ બાળકોએ અક્ષતથી વધામણા કર્યા હતાં, આચાર્યશ્રીએ શ્રીસંઘને ત્રણ, પ્રદક્ષિણા આપીને મંગલ આર્શિવાદ લીધા હતાં. ધર્મરક્ષા-સંસ્કૃતિરક્ષા અને દેશ રક્ષાના સંકલ્પ પૂર્વક જાપરૂમમાં પ્રવેશ કર્યો હતાં. બીજીપીઠીકા-૧૪ દિવસ, ત્રીજી પીઠીકા ૨૫ દિવસ કુલ-૩૯ દિવસ મૌન તથા સાધના પૂર્વક જાપ ચાલશે. આ પ્રસંગે સૂરત-નવસારી-સીસોદરાથી ગુરૂભક્તો પધાર્યા હતાં. પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે સ્થૂળબળ કરતાં સૂક્ષ્મ બળની તાકાત અનેક ગણી છે.પ્રભુમહાવીર સ્વામી પણ સાડાબાર-વરસ માટે રાજભોગો-રાજમહેલનો ત્યાગ કરીને સાધના માર્ગે ડગ માંડ્યા હતાં. મૌન એકાન્ત અને ધ્યાન યોગ ધ્વારા કેવળ જ્ઞાનની પ્રાપ્તિ કરી હતી. આજે વિશ્વ સ્થૂલ બળમાં પાગલ બન્યું છે. પ્રચાર-પ્રસારમાં લોકો પાવરધા બન્યા છે. ખોટી પબ્લીસીટી અને પ્રોપરગંડામાં પ્રજા ગુમરાહ બની છે તેવા સમયે સૂક્ષ્મબળ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જે કામ લાઠીથી થાય તેના કરતાં પલાઠીમાં તાકાત વધારે છે. પલાઠી-પાંચ લાઠીની તાકાત કહેવાય. ધર્મ સૂક્ષ્મબળને મને છે જ્યારે વિજ્ઞાન સ્થૂળબળને માને છે. તપોવની બાળકોને ગુરૂપુષ્પામૃત યોગના શુભદિવસે મા સરસ્વતી અને બ્રહ્મચારી નેમિનાથ પ્રભુનો મંત્રજાપ ગુરૂમહારાજ દ્વારા અપાયો હતો.

# ઉત્તર ગુજરાત યુનિ-નું બી.કોમ. સેમીસ્ટર-3 નું પરિણામ ૬૨.૩૦ ટકા જાહેર

તા પ્રતિ. થરા

હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવસીર્ટી-પાટણ દ્વારા ગત ઓક્ટોમ્બર-૨૦૧૭ માં લેવાયેલ બી.કોમ. સેમીસ્ટર-ત્રણનું પરિણામ ૬૨.૩૦ ટકા જાહેર કરાયું છે. આ પરિક્ષામાં ૫૯૫૬ પુરૂષ અને ૩૬૩૯ સ્ત્રી મળી કુલ ૯૫૯૫ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા તે પૈકી ૩૦૬૦ પુરૂષ ૨૭૧૨ સ્ત્રી મળી કુલ.૫૭૭૨ પરીક્ષાર્થી પાસ થયેલ.૧૦૬ પુરૂષ ૪૧ સ્ત્રી મળી કુલ ૧૪૭ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહેલ.૧૦૯ પુરૂષ ૩૧ સ્ત્રી મળી કુલ ૧૪૦ પરીક્ષાઓના પરીણામ રદ કરવામાં આવેલ. ૩૩ પુરૂષ ૦૮ સ્ત્રી મળી કુલ-૪૧ પરીણામ પેન્ડીગ રાખેલ. આ પરીક્ષામાં ૪૧૯૩ જનરલ, ૯૦૩ એસ.સી. ૪૧૭૮ ઓબીસી ૨૧૯ એસ.ટી. પરીક્ષાર્થી નોંધાયેલા તે પૈકી ૨૬૪૯ જનરલ, ૫૦૦ એસ સી. ૧૩૨ એસ.ટી. ૨૪૩૯ ઓબીસી પરીક્ષાર્થી પાસ થતાં હેમ.ઉ.ગુ.યુનિ દ્વારા બી.કોમ સેમીસ્ટર-ત્રણનું જનરલ પરિણામ ૬૨.૩૦ ટકા જાહેર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

# લોરવાડા આરોગ્ય કેન્દ્ર દ્વારા તમાકુ નિયંત્રણ કાર્યક્રમ

પ્રતિ. ભીલડી

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તમાકુ નિયંત્રણ પ્રોગામ અંતર્ગત પ્રા.આ.કે લોરવાડાના જુની ભીલડી આદર્શ હાઈસ્કુલ તેમજ નવી ભીલડી એચ.વી.વાલાણી હાઈસ્કુલમાં ૮-૧૨-૨૦૧૭ ના રોજ વ્કતૃત્વ સ્પર્ધાનુ આયોજન તાલુકા હેલ્થ ઓફીસર શ્રીઝવેરીના માર્ગદર્શક હેઠળ પ્રા.આ.કે લોરવાડાના મેડીકલ ઓફીસર જી.જે. ગૌસ્વામી તેમજ સુપરવાઈઝર આર.જે. મકવાણા દ્વારા કરવામાં આવેલ. સ્પર્ધામાં ભાગ લેનાર દશ બાળકોને પ્રથમ, બીજો અને ત્રીજો નંબર તેમજ ઈનામ આપવામાં આવેલ બાકીના સાત બાળકોને આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ સ્પર્ધામાં બને હાઈસ્કુલનાં શિક્ષકોનો સારો એવો સહકાર મળેલ તેમજ ગામમાં આશા દ્વારા પત્રીકાઓ વહેંચી તમાકુ નિયંત્રણ પ્રોગ્રામનો બહોળો પ્રચાર કરવામાં આવ્યો.

# આદર્શ પ્રા.વાલી મંડળ દ્વારા એક દીવસીય પ્રવાસનું આયોજન કરાયું

ડીસા

ડીસા ની સામાજીક અને સંસ્કારી એવી આદર્શ પ્રા.શાળા વાલી મંડળ દ્વારા તા.૧૦-૧૨-૧૭ ના રવિવારના રોજ એક દીવસીય માઉન્ટ આબુ પ્રવાસનું આયોજન કરાયું હતું જેમાં એમ.યુ.પેથાણી આદર્શ પ્રાથમિક વિભાગના વાલી મંડળ દ્વારા પ્રથમ વખત એક દીવસીય વાલી પ્રવાસ માઉન્ટ આબુનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૫૮ વાલીઓ તેમજ ૩૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રાધાનાચાર્ય કુ.હસુમતીબેન સહાયતા શિક્ષક પ્રવિણભાઈ નાઈ,વાલી મંડળના પ્રમુખ જયેશભાઈ દેસાઈ,ઉપપ્રમુખ પિન્કેશભાઈ સોની,મંત્રી મહેન્દ્રભાઈ માળી, તેમજ પ્રવાસના કન્વીનર સાવનભાઈ માળી એ સમગ્ર પ્રવાસ દરમ્યાન સારો સાથ સહકાર અને સેવા આપેલ.

CHANGE OF NAME
I KEYUR MANUBHAI AGRAWAL S/o. MANUBHAI KALIDAS AGRAWAL R/o. Agyarsi Bhuvan, Ramnagar Society, Nr. Gaytri Mandir, Deesa. D.O.B : 13th March 1992 have Changed My Name to KEYUR MANUBHAI AGARWAL vid affidavit No.14565 Mo.9428123932
Keyur Manubhai Agarwal

# ડીસામાં ભાજપના શશીકાંતભાઈ પંડ્યા તરફી ઉષ્માસભર માહોલ



ડીસા

જેની તીવ્ર આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે ૧૪/૧૨/૨૦૧૭ ને ગુરૂવાર મતદાનનો દિવસ આવી ગયો છે. અખબારમાં આપ આ લખાણ વાંચતા હશો ત્યારે મતદાન શરૂ થઈ ગયુ હશે. ચૂંટણીએ લોકશાહીનું પર્વ છે. લોકશાહીએ વિશ્વની સર્વશ્રેષ્ઠ શાસનપ્રથા છે ભલે એમાં અનેક નવા દૂષણો જન્મતા હોય. હજારો વર્ષની રાજાશાહી સરમુખત્યારશાહી પછી વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારતદેશમાં ઉમેદવારો અને પક્ષો શાંતીમય રીતે પરિણામ સ્વીકારી લે છે આ એની અદભૂત વિશેષતા છે. ડીસામાં ભાજપ ઉમેદવાર શશીકાંતભાઈ માટે સમર્થક માહોલ રહ્યો હતો. જેમાં અમિતભાઈ શાહની જાહેર સભા, યોગી આદિત્યનાથની જાહેર સભા, પાલનપુરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જાહેર સભા, ગંગા - જમના - યમુનાના ત્રિવેણી સંગમ જેવી આ ત્રણ સભાઓએ કાર્યકરો અને પ્રજા માટે એક સંદેશ આપ્યો છે કે કોનું શાસન જોઈએ છે ? રાષ્ટ્રવાદીઓનું કે રાષ્ટ્રવિરોધીઓનું જેમાં સ્પષ્ટ વક્તા અને જેમના રોમેરોમમાં દેશદાઝ છલકે છે તેવા શશીકાંતભાઈ પંડ્યા તરફી જોરદાર માહોલ છવાયો છે.

અનુસંધાન પાના નં.૨

# થરાદનું એક પણ ગામ વિકાસથી વંચિત નહીં રહે : પરબતભાઈ પટેલ



પ્રતિનિધિ થરાદ

થરાદ વિધાનસભા બેઠકના ભાજપ ઉમેદવાર અને લોકપ્રિય ધારાસભ્ય પરબતભાઈ પટેલે જણાવ્યું છે કે, થરાદ તાલુકાનું એક પણ ગામ વિકાસથી વંચિત નહીં રહે. નર્મદા નદીના પાણી ગામે ગામ પહોંચાડવામાં આવશે. તાલુકામાં આરોગ્ય, શિક્ષણ અને રોડ રસ્તા સહિતની તમામ સુવિધાઓ આપવામાં હંમેશા જાગૃત રહીશ.જોકે થરાદ પંથકની પ્રજાએ પરબતભાઈને સમર્થન આપ્યુ હતુ અને તેમને ફરીથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ થરાદ પંથકમાં વિકાસ કામગીરી આગળ ધપાવે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. થરાદ પંથકના ગામે ગામ કેશરીયો માહોલ જોવા મળી રહ્યો છે.

આજે મતદાન દીવસે થરાદ બેઠકના દરેક ગામમાં મતદારો સ્વયભૂં પરબતભાઈ પટેલ તરફી મતદાન કરવા મન બનાવ્યું હોવાનું જણાય છે.

# ધાનેરા મત વિસ્તારની કાયાપલટ કરાશે : માવજીભાઈ દેસાઈ



ડીસા

ધાનેરા વિધાનસભા બેઠક ઉપર ભાજપના સક્ષમ અને ધુરંધર રાજકીય અને સહકારી આગેવાન માવજીભાઈ દેસાઈએ મત વિસ્તારના કાયાપલટની નેમ ઉચ્ચારી છે.

રાજસ્થાનને અડીને આવેલા ધાનેરા વિધાનસભા બેઠક ઉપર અગાઉ અનેક ઉમેદવારો ચૂંટાઈને ગયા પરંતુ વર્ષોજુના પડતર પ્રશ્નો યથાવત રહેવા પામ્યા છે. ખાસ કરીને રેલવે પુલની સમસ્યા વિકરાળ બની છે. તો એસ.ટી.અને આરોગ્ય સવલતો અપૂરતી છે પંથકના વીકાસ માટે જીઆઈડીસીની તાતી જરૂરિયાત છે. કૃષિના વીકાસ માટે રેલ નદીમાં નર્મદાના નીર સહિતના મુદા દર ચૂંટણીમાં ચમકે છે પણ આજ સુધી તેનું નિરાકરણ આવ્યું નથી પરંતુ આ વખતે ભાજપે ધુરંધર રાજકીય અને સરકારી આગેવાન માવજીભાઈ દેસાઈને ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે તેથી પંથકની વિકાસભૂખી જનતાની આંખો ચમકી ઉઠી છે. કારણ તેઓ આ પ્રશ્નોની ગાંધીનગર સુધી આક્રમક રજૂઆતો કરી તેનું નિરાકરણ લાવી શકે તેમ છે. ત્યારે લોકસંપર્ક દરમ્યાન માવજીભાઈ દેસાઈએ પણ મત વિસ્તારના સર્વાંગી વિકાસ સાથે કાયાપલટ કરી દેવાની નેમ ઉચ્ચારી છે.

# કાંકરેજના વિકાસ માટે હું કટીબદ્ધ: કિર્તિસિંહ વાઘેલા



પ્રતિનિધિ થરા

કાંકરેજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર જણાવ્યું હતુ કે આ વખતે પણ ગુજરાતમાં વિકાસને વરેલા ભાજપનું શાશન આવવાનું છે ગઈ વખતે કોંગ્રેસના ધારાસભ્યના કારણે તાલુકાનો વિકાસ રૂંધાયો છે. ત્યારે ગાંધીનગર કામ માટે ભાજપનો ધારાસભ્ય હોવો જરૂરી છે.

તેથી કમળને જીતાડવાની હાકલ કરી હતી. કાંકરેજ તાલુકો અગાઉ ઉજજડ હતો અને ગાંડા બાવળોનું સામ્રાજય હતું પરંતુ ભાજપના કારણે આ તાલુકામાં નર્મદાના નીર વહેતા થયા છે તેથી તાલુકામાં હરીયાળી છવાઈ છે. જે વિકાસ ભાજપને આભારી છે તેથી તાલુકાનો વિકાસ કરવા ભાજપને જીતાડવા અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે કાંકરેજ તાલુકામાં પુર સમયે કીર્તીસિંહ વાઘેલાએ અદના અગ્રણી તરીકે રાતદિવસ પુર અસરગ્રસ્તોને વ્હારે આવ્યા હતા.

# વડગામના પડતર પ્રશ્નોના ઉકેલની નેમ : વિજયભાઈ ચક્રવર્તી



ડીસા

વડગામ વિધાનસભા બેઠકમાં જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તીએ ભાજપમાંથી દાવેદારી નોંધાવી છે જેમણે પડતર પ્રશ્નોના નિરાકરણની નેમ ઉચ્ચારી છે.

કોંગ્રેસનો ગઢ ગણાતી વડગામ બેઠક કબ્જે કરવા ભાજપે જિલ્લા પંચાયતના વહીવટનો અનુભવ ધરાવતા વિજયભાઈ રૂપાણીને ઉમેદવાર બનાવ્યા છે. જેમને જીતાડવા ભાજપના વિશાળ સંગઠને તનતોડ મહેનત કરી છે. જેથી કેસરીયો માહોલ છવાયો છે. ત્યારે વડગામની પ્રજાના હીત માટે લડવાનો વાયદો કરનાર વિજયભાઈ ચક્રવર્તીએ વડગામ પંથકમાં મુક્તેશ્વર ડેમ, નળાસર તળાવ અને કરમાવાદ સરોવર નર્મદાના નીરથી ભરવાની નેમ ઉચ્ચારી છે. વર્ષોજુના આ પ્રશ્નો ન ઉકેલાતા પંથક આઝાદીને દાયકાઓ વીતવા છતાં પછાત રહી ગયો છે. પરંતુ આ વખતે સક્ષમ ઉમેદવારના કારણે પ્રજાને આ પંથકમાં નર્મદાના નીર વહેતા થવાની આશા બંધાઈ છે.

# દીયોદર તાલુકાના પડતર પ્રશ્નોનું નિવારણ લાવીશ : કેશાજી ચૌહાણ



ડીસા

દિયોદર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અને રાજયમંત્રી કેશાજી ચૌહાણે ગત ટર્મમાં અધૂરા રહી ગયેલા વિકાસ કામો પૂરા કરવાનો વાયદો કરી પ્રજાના હીત માટે લડત પણ આપવાનો લલકાર કર્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં બહુમતિ ધરાવતા ઠાકોર સમાજનું પ્રતિનિધિત્વ કરતા કેશાજી ચૌહાણ ગત ટર્મમાં દિયોદર બેઠક ઉપરથી ચૂંટાયા હતા. જેઓ જિલ્લા ભાજપ પ્રમુખ પદે કાર્યરત છે અને રૂપાણી સરકારમાં મંત્ર પદ પણ ભોગવે છે. જેઓ મત વિસ્તારના વિકાસ માટે હરદમ ઝઝુમતા રહે છે. તેમણે જણાવ્યું હતું કે ગત ધારાસભ્ય પદના કાર્યકાળ દરમ્યાન તમામ ગામોમાં વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવી છે. પ્રજાના પ્રશ્નોના નિરાકરણમાં પણ સહભાગી થયો છું. તેમ છતાં બાકી રહી ગયેલા વિકાસ કામો પૂરા કરવાનો વાયદો કરી પ્રજાના હીત માટે લડત પણ ચલાવવાની તત્પરતા વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપ ઉમેદવાર કેશાજી ચૌહાણ રાજયમંત્રી તરીકે હોદ્દો સંભાળી રહ્યા છે તેમના પ્રયત્ન થકી દીયોદર મત વિસ્તારના પ્રજાજનો અને પ્રશ્નોનો ઉકેલ આવ્યો છે. તેમજ આ વિસ્તારમાં અનેક વિકાસના કામો થયા છે.

# ૨૬ જાન્યુઆરી ૨૦૧૧ ના રોજ શ્રીનગરના લાલચોકમાં શશીકાંતભાઈએ મોત સામે ઝઝુમીને તિરંગો ફરકાવ્યો હતો



ડીસા

તા.૨૬/૧/૨૦૧૧ ને પ્રજાસત્તાક દિને શ્રીનગરના લલચોકમાં ગુજરાતમાંથી શશીકાંતભાઈ તેમજ અન્ય યુવાનોએ મોત સામે ઝઝુમીને તીરંગો ફરકાવ્યો હતો. દેશ કે દુનિયામાં સત્તા કે સંપતિ મેળવવા ટીકીટ મેળવવા કે ચૂંટણી જીતવા તો દરેક ઝઝુમે પરંતુ કાશ્મીરના શ્રીનગરમાં એ દિવસે ભયંકર સ્થિતિ હતી ત્યારે અન્ય યુવાનો તા.૨૪/૧૧/૨૦૧૧ ના દિને આવ્યા હતા. પરંતુ શશીકાંતભાઈ તા.૨૨/૧૧/૨૦૧૧ થી ૨૪/૧૧/૨૦૧૧ સુધી એકલા જ હતા. ચારેય બાજુ ભય છતાં જે વ્યૂહ રચનાથી કામ પાર પાડયું શશીકાંતભાઈએ બૌધ્ધિક વિકાસથી અને વ્યૂહ રચનાથી સતત બે દિવસ શ્રીનગરમાં રહીને તિરંગો ફરકાવવામાં અદ્‌ભૂત સફળતા મેળવી હતી. કાશ્મીરની પોલીસ અને સરકાર વિરોધી હતી. હોટલ ઈન્ટરનેશનલમાં જ્યાં શશીકાંતભાઈ તા.૨૨/૧૧/૨૦૧૧ થી રોકાયા હતા. એક એક મીનીટ અને એક એક સેકન્ડ સામે મોતનો ખતરો હતો. માઈનસ ૬ ડીગ્રી ઠંડીમાં બબ્બે ફુટ બરફ છવાયેલો હતો. ચાર ચાર વાર ડોગ સ્કવોડ દ્વારા ધ્વજની તપાસ થઈ હતી. ડોગ ક્યારેય ન જાય પરંતુ બુધ્ધિશાળી માણસ બધુ જ કરી શકે. શશીકાંતભાઈએ કારપેટ નીચે ધ્વજ સંતાડીને કારપેટ ઉપર મરચાંનુ ભૂસૂ વેરી દીધું. પરિણામે ,ચાર ચાર વાર કૂતરા આવ્યા પણ મરચાના ભુસાની તીખાશથી કૂતરાઓ કુદકો મારીને ભાગી જતાં. તા.૨૨/૧૧/૨૦૧૧ દિને પહોચીને શ્રીનગરની ઈન્ટરનેશનલ હોટલમાં રોકાયા હતા. મોબાઈલ ઉપર પ્રતિબંધ હતો. ચારે બાજુ નજર પડે ત્યા પોલીસ તા.૨૨/૧૧/૨૦૧૧ તા. ૨૪/૧૧/૨૦૧૧ દિવસ સુધી શશીકાંતભાઈ એકલા હતા. હોટલોના રૂમનું બારણું ખખડે એટલે ટીવી જોવા બેસી જાય જેથી કોઈને શક ન પડે. બારણું બંધ થાય એટલે ગુજરાત સાથે મોબાઈલથી તિરંગો ફરકાવવાનો વિચાર વિમર્શ ચાલુ કરે. આખરે તા.૨૫/૧૧/૨૦૧૧ બપોરે ૧વાગે તિરંગો ફરકાવ્યો હતો. યુવાનોએ ગોળ રાઉન્ડમાં દોડી ભારતમાતાની જય બોલી તિરંગો

અનુસંધાન પાના નં.૨

## મતદારોના અકળ મૌન વચ્ચે...

# વડગામ વિધાનસભા બેઠક ઉપર ત્રિપાંખીયા જંગમાં કાંટાની ટક્કર

### વડગામ બેઠક ઉપર મુસ્લિમ, ચૌધરી, દલિત અને ઠાકોર સમાજનું પ્રભુત્વ







પ્રતિનિધિ છાપી

બનાસકાંઠા જિલ્લાની વડગામ બેઠક ઉપર અપક્ષ જીગ્નેશ મેવાણીએ કોંગ્રેસના સમર્થનથી ઉમેદવારી નોંધાવતાં વડગામ બેઠક ઉપર રસાકસીનો માહોલ જામ્યો છે. વડગામ બેઠક ઉપર કોંગ્રેસના જ અશ્વિન પરમારે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવતાં આ બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ ખેલાઈ રહ્યો છે.

વડગામની અનામત બેઠક કોંગ્રેસનો ગઢ મનાય છે. જે બેઠક કોંગ્રેસે જીજ્ઞેશ મેવાણીના સમર્થનમાં પોતાનો એક પણ ઉમેદવારને ટીકીટ ન આપી મતદારોને ચોંકાવી દીધા હતા. જેના કારણે મતદારો તેમજ હોદ્દેદારો કોંગ્રેસના મોવડીઓથી ભારે નારાજ હોવાનું મનાઈ રહ્યું છે. વડગામ બેઠક ઉપર ભાજપના વિજય ચક્રવર્તી સામે જીજ્ઞેશ મેવાણી અને અશ્વિન પરમાર વચ્ચે સીધો જંગ ખેલાઈ રહ્યો છે. વડગામમાં ચૌધરી, મુસ્લીમ, દલીત, ઠાકોર સહિત રાજપુત સમાજનું ભારે પ્રભુત્વ રહેલું છે. આ બેઠક ઉપર અપક્ષ જીજ્ઞેશ મેવાણીએ ચૂંટણીમાં ઝંપલાવતાં વડગામ બેઠક હાઈ પ્રોફાઈલ બની જવા સાથે સમગ્ર ગુજરાતની નજર આ બેઠક ઉપર મંડરાઈ રહેલ છે. જોકે મતદારોના અકળ મૌનને લઈ ત્રણે ઉમેદવારોના ભાવી ઉપર ચિંતાના વાદળો જોવા મળી રહ્યા છે. જોકે છેલ્લી ઘડીના પ્રચારમાં ત્રણેય ઉમેદવારો દ્વારા ખાટલા પરિષદો યોજી મતદારોને રીઝવવા પ્રયત્ન કરી રહ્યા છે.

## વડગામની અસ્મીતાની લડાઈ

વડગામ બેઠક ઉપર વિધાનસભાની ચૂંટણીને લઈ જાતિ જાતિઓ વચ્ચે ઝેર ઓકવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના સમર્થનથી અપક્ષ તરફી ઉમેદવારી નોંધાવનાર જીજ્ઞેશ મેવાણીને લઈ વડગામ બેઠક સમગ્ર ગુજરાતમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. મતદારો વચ્ચે સવર્ણ, દલિત અને મુસ્લિમ સમાજમાં ઉમેદવારો દ્વારા ભાગલા પાડી ચૂંટણી જીતવા અનેક હથકંડા અજમાવવામાં આવી રહ્યા છે. જોકે વડગામ બેઠક ઉપર વડગામની અસ્મિતા અને કોમી એખલાસની લડાઈ હોવાનું મનાઈ રહ્યું છે. શાણા મતદારો તા.૧૪ ડીસે.ને થનાર મતદાનમાં વડગામની આન, બાન અને શાનને નજરમાં રાખી જાતિવાદીનું ઝેર ફેલાવનાર તત્વોને સબક શીખવાડશે તે નિશ્ચિત બન્યું છે. વડગામ બેઠક ઉપર સ્થાનિક ઉમેદવારની તરફેણમાં ભારે મતદાન થવાની ચર્ચાએ પણ જોર પકડયું છે.

## મતોનું વર્ગીકરણ

| | | |
|---|---|---|
| ચૌધરી-૭૧,૮૭૮ | રબારી-૩૧૦૮ | પાલવી દરબાર-૭૩૩૭ |
| બ્રાહ્મણ-૭,૧૪૭ | ગોસ્વામી-૧૭૭૧ | યોગી રાવળ-૫૨૪૭ |
| ઠાકોર-૩૭,૬૯૩ | દરજી-૨૬૮૨ | સુથાર-૧૮૧૭ |
| મુસ્લિમ-૬૯,૭૮૩ | નાઈ-૨૭૩૧ | દેવીપુજક-૬૨૫૩ |
| દલિત-૪૪,૦૪૪ | પંચાલ-૨૦૩૭ | અન્ય-૪૮૭૭ |
| આદિવાસી-૩૫૫૭ | રાજપુત-૧૩,૨૦૯ | કુલ-૨,૭૦,૩૦૮ |
| પ્રજાપતિ-૮૧૩૯ | | |

# ચાણસ્મા વિધાનસભાની સીટ પર દિલીપકુમાર ઠાકોરનો વિજય નિશ્ચિત



જિ.પ્રતિ પાટણ

૧૭- ચાણસ્મા વિધાન સભાની ચૂંટણીમાં દિલીપકુમાર ઠાકોર અને તેમની ટીમને પ્રચાર કરવામાં કે મતદાતા ઓને મળવામાં કોઈપણ પ્રકારશની કસર છોડી નથી અને મોદીજીએ પણ આ વિસ્તારની જનતાને વોટ માગવા આવ્યો છું. ત્યારે વચન લીધું છે તે પ્રમાણે ભાજપાની ચાણસ્માની સીટ દિલીપકુમાર વી.ઠાકોર જીતશે જે તેવો સૂર સંભળાય છે.

## થરાદના ડેલના ૮૫ અસુરક્ષિત મતદારોની પોલીસ બંદોબસ્ત સાથે મતદાન કરાવવાની રજુઆત

### ચુંટણી તંત્રએ કહ્યુ અમોએ મતદાનમથકને વનરેબલ કેટેગરીમાં મુક્યું છે

પ્રતિ. થરાદ

થરાદના ડેલ ગામમાં ૨૬ વર્ષ પુર્વે એક દરબાર હત્યા પ્રકરણને મામલે ગામના રાજપુત પરિવારો સણધર ગામની સીમમાં સ્થાયી થયા હતા.પરંતુ અદાવતને લઈને તેઓ સુરક્ષાના કારણોસર ૧૯૯૦ પછી ડેલ ગામમાં મતદાન કરવા માટે આવી શકતા નથી.મતદાન કરી શકે તે માટે તેમણે અવારનવાર ચુંટણીપંચ સુધી પણ લેખિત રજુઆતો કરી હતી.તાલુકા જિલ્લાના વહીવટી તંત્રને મતાધિકાર માટે સણધર ગામમાં મતદાન બુથ આપવાની માંગણી પણ કરી હતી.

અનુસંધાન પાના નં.૨

# ગુજરાતની ગરીમા વધે તેવું લોકશાહીનું પર્વ ઉજવો : મતદાન અવશ્ય કરો




યશપાલસિંહ ટી.વાઘેલા

ક્ષેત્રફળની દષ્ટિએ દેશમાં છઠ્ઠું સ્થાન વસ્તી વૃદ્ધિમાં ૧૯,૧૭ ટકા સાક્ષરતામાં ૭૦.૭૩ ટકા ધરાવતા પહેલી મે ૧૯૬૦ થી મહારાષ્ટ્રમાંથી અલગ રાજ્યોનો દરજ્જો ધરાવનાર ગુજરાતની ૧૪ મી વીધાનસભા રચનાની ચૂંટણી આવતીકાલે ૧૪ મી ડીસેમ્બર - ૨૦૧૭ ના રોજ સંપન્ન થશે. આજે ચૂંટણી લડતા પક્ષો - અપક્ષો માટે રાત્રી કતલની રાત જેવી રહેશે. વર્ષોથી કહેવાય છે કે નાના-મોટો જીતના ઓપરેશનો રાત્રીના અંધકાર જ થાય છે. લોકશાહીમાં ચૂંટણીપંચ નિષ્પક્ષ - તટસ્થ - ન્યાયીક ચૂંટણી પ્રક્રિયા થાય તેવા પ્રયત્નો હોય છે. પણ ક્યાંય ને ક્યાંક માધ્યમ તો માણસ જ બને છે ને ? માનવી માનવ થાય તોય ઘણું લોકશાહીમાં માણસ - માણસ બનીને જીવે તો જ લોકશાહીના સાચા ફળ ચાખવા મળે. લોકશાહી પહેલા રાજાશાહી - અંગ્રેજશાહી - નવાબશાહીનો પ્રજા અનુભવ કરી ચૂકીને હવે એમ કહે છે કે, આના કરતાં એ સારું હતું. આ લોકતંત્રમાં ફકત લોકસેવકો માટે જ બધું ?? ફકત ફેકમ બાજીને આક્ષેપ નાખીને વોટ માંગવાની આ પ્રક્રિયાને પ્રજાએ જ ખુલ્લી પાડવી પડશે નહીતર હવે લોકશાહી ઝાઝી ટકે તેવું લાગતું નથી. કારણ કે, ગ્રામ પંચાયતોમાંય સરપંચ - તલાટીના કૌભાંડો ગૌચર - ખરાબાથી માંડીને જંગલ - નદી - સ્મશાન સુધીની જમીનો રેત - લાકડાને પથ્થરો ખાઈ ગયાને ટેકસથી ઉઘરાવાતા કરોડો - અબજો - ખરબો રૂપિયા જે ગ્રાન્ટના નામે આવે તે ચાઉ કરી જાય છે. પાંચ વર્ષમાં પાંચવાર તો રોડ બને. ઘરના ઘર શૌચાલય આ બધું છે શું ? કોઈ કંઈ બોલી જ ન શકે. સરકાર તરફથી ગામ -નગરમાં કોઈ પણ પ્રકારનું ચૂકવણું વિકાસલક્ષી કામો સહાય ચૂકવાય તેના જાહેરમાં બોર્ડ મૂકવામાં આવા જોઈએ. ફરીથી તે કેટલીવાર થાય છે તે પ્રજાને ખબર પડે બોગસ મંડળીઓ સંસ્થાઓ રચીને જે કંઈ કરવું હોય તે થાય આ લોકશાહી ?? આજે ૧૩ મી ડીસેમ્બર - ૨૦૧૭ કુંટુંબ - પરિવાર - ભાઈ - ભાઈ - મિત્રો - સમાજ - ગામમાં ઝઘડા ન થાય તે જોજો. લોકશાહીનું પર્વ છે તો મતદાન કરવા આવતીકાલે જરૂર જવું યોગ્ય લાગતા ઉમેદવારને મત આપી આપણી ફરજ પૂરી કરીએ. ગામ - નગરમાં વધુમાં વધુ મતદાન થાય તે જરૂરી છે. બીજું બધું ભલે ભૂલો પણ મતદાન કરવાનું ભુલતા નહીં .. તમારો મત અમૂલ્ય છે લોકશાહી ટકાવનાર પાયો છે. હું મતદાન નહી કરું તો શું ફરક પડશે તે વાત મગજમાંથી કાઢી નાખો. મતદાન એ મારો અધિકાર છે ને ચોક્કસ કરવા જઈશ એ નિષ્ઠા સાથે મતદાન કરી ઘરે મીઠાઈનું ભોજન ગ્રહણ કરો.

# બીજા ચરણમાં ભારે મતદાન કરવા માટે રૂપાણીની અપીલ

અમદાવાદ

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બીજા તબક્કાની ચૂંટણીના મતદારોને અપીલ કરતા જણાવ્યું હતું કે, આવતીકાલે ૧૪ ડિસેમ્બરના રોજ યોજાનાર લોકશાહીના પર્વના બજા તબક્કામાં શાંતિપૂર્ણ અને ભારે સંખ્યામાં મતદાન કરીએ. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, મતદાન એ લોકશાહીનો આત્મા છે. ગુજરાતના ભવિષ્ય માટે મતદાન કરી વિકાસ યાત્રાને આગળ વધારીએ તેવો અનુરોધ કર્યો હતો. રૂપાણીએ વધુમાં જણાવ્યું છે કે, છેલ્લા ૨૨ વર્ષથી બાજપ ગુજરાતને વિકાસના રસ્તે લઈ જવામાં સફળ રહ્યું છે. વિકાસ જ અમારુ એકમાત્ર લક્ષ્ય રહ્યું છે અને વિકાસમાં જ બધી જ સમસ્યાઓનું સમાધાન છે એવું અમારુ માનવું છે. અમે જ્ઞાતિ-જાતિના વેરઝેરની રાજનીતિ ક્યારેય કરી નથી, ત્યારે અમારો એકમાત્ર એજન્ડા એ છેવાડાના માનવીના કલ્યાણ માટે અવિરત વિકાસની યાત્રાને પુરઝડપે આગળ વધારવાનો છે. વિકાસનો લાભ કોઈ એક જ્ઞાતિ કે સમાજના એક જ સમુદાયને નહીં પણ સમાજના બધા જ વર્ગો અને ક્ષેત્રોને મળતો હોય છે. શહેર, ગામડું, દલિત, પછાત, આદિવાસી, યુવાનો, મહિલાઓ બાળકો તમામને મળતો હોય છે. રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, વિરોધીઓ દ્વારા ગુજરાતમાં આવીને સતત ગુજરાત અને ગુજરાતીઓનું અપમાન કરવામાં આવ્યું છે. ગુજરાતની સતત અવગણના કરીને ગુજરાતને ખુબ જ અન્યાય કર્યો છે જે ગુજરાતની પ્રજા સુપેરે જાણે છે. ગુજરાતની જવાદોરી સમાન નર્મદા યોજનાને રોકી રાખવાનું પાપ કોંગ્રેસે કર્યું છે અને ગુજરાતના વિકાસને રોકવાનું પાપ એમણે કર્યું છે. કોંગ્રેસે બહુ જ જુઠ્ઠાણા ચલાવ્યા છે તેનો જવા ગુજરાતની પ્રજા ભાજપની તરફેણમાં ધુમાં વધુ મતદાન કરીને આપશે તેવો વિશ્વાસ રૂપાણીએ વ્યક્ત કર્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૨ સુધી નવા ભારતની કલ્પના કરી છે.

## ડીસામાં પ્રજાપતિ સમાજનું ભાજપને સમર્થન

ડીસા

ડીસામાં રહેતા સમસ્ત પ્રજાપતિ સમાજોની ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શશી કાંતભાઈ પંડયાના સમર્થનમાં સમાજના નવયુવાનો તથા આગેવાનોએ સમર્થન તથા જીતાડવાની બાંહેદારી આપી છે. જેમાં ડીસામાં વસતા ડીસાવળ પ્રજાપતિ સમાજ ધાન્ધાર મારવાડી પ્રજાપતિ સમાજ, પાટણી પ્રજાપતિ સમાજ દશપટ્ટી મારવાડી પ્રજાપતિ સમાજ, પુરબીયા પ્રજાપતિ સમાજ, મારુ પ્રજાપતિ સમાજ, થરાદરી પ્રજાપતિ સમાજ તથા કચ્છી પ્રજાપતિ સમાજના આગેવા નોએ સંપૂર્ણ પણે ભારતીય જનતા પાર્ટીને જાહેરમાં સમર્થન આપેલ છે.

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# આજે બનાસકાંઠાની ૯ સીટ પર ૭૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો

**૨૫૫૩ મતદાન મથકો પરથી ૨૧.૩૬ લાખ મતદારો કરશે મતાધિકારનો ઉપયોગ : ૩૫૦૦ જેટલા દિવ્યાંગ મતદારો માટે ૧૦૦ વ્હિલચેરની વ્યવસ્થા**



પાલનપુર

લોકશાહીના પર્વ સમા ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન આજ રોજ યોજાનાર છે. જેમાં સરહદી બનાસકાંઠા જિલ્લાની ૯ સીટ પર પોતાનું ભાવિ અજમાવી રહેલા ૭૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો ૨૧.૩૬ લાખ મતદારો કરશે. ત્યારે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે બનાસકાંઠા જિલ્લાના ચૂંટણીતંત્ર સહિત વહિવટીતંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાની ૯ વિધાનસભા સીટ પર સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન કુલ ૨૫૫૩ મતદાન મથકો ઉપરથી ૨૧.૩૬ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી કુલ ૭૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે.

આજે બીજા તબક્કાના મતદાન દરમિયાન જિલ્લાના કુલ ૨૧,૩૬,૧૩૯ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે.

અનુસંધાન પાના નં.૨





## ગુજરાતમાં આજે બીજા તબક્કા માટે મતદાન

**૮૫૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા મતદારો ઉત્સાહિત**

અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ ચરણના મતદાનને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ આવતીકાલે ગુરૂવારે મતદાન થશે. મતદાનને લઈને તમામ જગ્યાએ અભૂતપૂર્વ ઉત્સાહ મતદારોમાં દેખાઈ રહ્યો છે. તમામની નજર હવે ૨૧ શહેરી ભાજપ ગઢ પર કેન્દ્રિત થઈ ગઈ છે. આ ૨૧ શહેરી ગઢમાં અમદાવાદ શહેરમાં ૧૬ અને વડોદરા શહેરમાં પાંચ સીટોનો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં મધ્ય અને ઉત્તર ગુજરાતની સીટોનો સમાવેશ થાય છે. કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવ્યા બાદ તમામ પાર્ટી ભારે ઉત્તેજનામાં છે. કુલ ૯૩ સીટ પર મતદાન થનાર છે. જેમાં ૨.૨૨ કરોડ મતદારો છે. આ મતદારોમાં ૧.૧૫ કરોડ પુરૂષો અને ૧.૦૭ કરોડ મહિલા મતદારો છે. ૨૫૫૫૮ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે. મતદારોની વાત કરવામાં આવે તો ૩૭.૩૭ લાખ મતદારોની વય ૧૮તી ૨૬ વર્ષની વચ્ચેની છે. બાવન પાર્ટીના ઉમેદવારો બીજા તબક્કામાં ભાગ્ય અજમાવી રહ્યા છે. ભાજપે ૯૩ અને કોંગ્રેસે ૯૧ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ લિમખેડા સૌથી નાની સીટ છે. જેમાં ૧.૮૭ લાખ મતદારો છે.

અનુસંધાન પાના નં.૨

## ખૂટતી પ્રાથમિક સવલતો પૂર્ણ કરાશે : ગોવાભાઈ રબારી



ડીસા

ડીસા વિધાનસભા બેઠકના ધારાસભ્ય અને કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ રબારીએ પ્રજાની પ્રાથમિક સવલતોને હંમેશા અગ્રતા આપી છે. તેમ જણાવી મત વિસ્તારના સર્વાંગી વિકાસની સાથે કાયમપ્રજાની પડખે રહેવાનો પુનરોચ્ચાર કર્યો છે.

બનાસકાંઠા જિલ્લાની મહત્વપૂર્ણ ડીસા બેઠકમાં ત્રિપાંખિયો જંગ છે પરંતુ પેટા ચૂંટણી જીતેલા કોંગ્રેસના ધારાસભ્ય ગોવાભાઈ રબારીએ પ્રજા સાથે નાતો જાળવી રાખ્યો છે. દર સોમવારે રેસ્ટહાઉસ ખાતેના તેમના લોક દરબારમાં લોકો તેમને મળી સમસ્યાઓની રજુઆતો કરે છે. જે સમસ્યાઓના સમાધાન માટે તેઓ વિધાનસભા પણ ગજવે છે તેથી મત વિસ્તારમાં તેમની લોકચાહના છે. ચૂંટણીમાં લોકસંપર્ક દરમ્યાન તેમણે જણાવ્યું હતું કે ગામડાની પ્રાથમિક સવલતોના કામોને મે હંમેશા પ્રાથમિકતા આપી છે. અને ખૂટતી સવલતો પરિપૂર્ણ કરવાનો વાયદો કર્યો હતો. એ સિવાય મત વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ખડેપગે રહી કાયમ પ્રજાની પડખે રહેવાનો પુનરોચ્ચાર કર્યો હતો.




## તંત્રી સ્થાનેથી ...

**અશુધ્ધ મગજ અને અશુધ્ધ શરીર વડે આપણે ઈશ્વરના આશિર્વાદ નહીં મેળવી શકીએ.**

# પર્યાવરણીય વિકાસ જરૂરી

વૃક્ષો એ માનવજીવન અને સમાજજીવનનો આધાર છે. પરંતુ કમનસીબે આપણે વૃક્ષોના મહત્ત્વને ભૂલી ગયા છીએ જંગલો અને વૃક્ષો કપાવા લાગ્યા છે. તેથી જંગલ વિસ્તારમાં આત્મઘાતક રીતે ઘટાડો થઈ રહ્યોછે. તેથી પ્રદૂષણના પ્રશ્નો સર્જાયા છે. વૈશ્વિક તાપમાન, એસિડનો વરસાદ, ગ્રીનહાઉસ ઈફેક્ટ, ઋતુચક્રમાં પ્રતિકૂળ પરિવર્તનો વગેરે પ્રશ્નો વધ્યા છે. જંગલોનો નાશ એ માનવજાત માટે આત્મઘાતક અને આત્મનિકંદક પગલું છે.રાષ્ટ્રીય વન નીતિ પ્રમાણે દેશમાં મોટા પ્રમાણમાં જંગલો અને તેની પેદાશોની આવશ્યકતા હોવાથી કુલ ભૌગોલિક વિસ્તારના ૩૩ ટકા વિસ્તારમાં જંગલો હોવા જોઈએ. અત્યારે આ પ્રમાણ ૨૩ટકા જ છે. જંગલોનું આર્થિક અને ઔદ્યોગિક મૂલ્ય ઘણું જ છે. એક અંદાજ પ્રમાણે એક વૃક્ષ તેના આયુષ્યકાળ દરમિયાન રૂા. ૫૦ લાખનું ઉપયોગી મૂલ્ય પ્રદાન કરે છે. અગાઉ આપણે ત્યાં વન આધારિત ખેતી, ઉદ્યોગો અને સમાજવ્યવસ્થા હતા તેથી દેશ સમૃદ્ધ હતો અત્યારે તેનાથી વિપરીત સ્થિતિ છે.ભારતમાં ૬૮૦ લાખ હેક્ટર જમીનમાં જંગલો છે તેમાંથી ૨૦ ટકા જંગલ વિસ્તાર બિનઉત્પાદક અને કોઈ પણ રીતે ઉપયોગ ન કરી શકાય તેવો છે.૨૩ ટકા જંગલ વિસ્તાર સાવ અપર્યાપ્ત છે. વિશ્વની સરેરાશ કરતા ભારતમાં માથાદીઠ જંગલ વિસ્તાર ઓછો છે. ભારતમાં માથાદીઠ ૦.૫ હેક્ટ-રથી પણ ઓછો વનવિસ્તાર છે. જ્યારે વૈશ્વિક સરેરાશ માથાદીઠ ૧.૯ હેક્ટર છે ૫થી ૧૫ મિલિયન હેક્ટર વનવિસ્તારનો નાશ થયેલો છે. બળતણ અને ઔદ્યોગિક હેતુઓ માટે, ખેતી વિસ્તરણ માટે મોટા સંચિાઈ પ્રોજેક્ટોનું બાંધકામ, રસ્તાઓ, ઔદ્યોગિક પ્રોજેક્ટ, શહેરીકરણ અને ઔદ્યોગીકરણને લીધે દેશમાં જંગલો કપાતા જાય છે.એક અંદાજ પ્રમાણ દેશમાં ૭૦ મિલિયન ૫૦ મેટ્રિકટન રાઉન્ડ વુડનો વપરાશ થાય છે. બળતણમાં લાકડાનો ઉપયોગ થવાથી લાખો વૃક્ષો કાપવામાં આવતા જંગલોનો નાશ થાય છે. જંગલોના નાશથી જમીનના પાણી અને હવાનું પ્રદૂષણ વધે છે. વૃક્ષવિહોણા વિસ્તારોમાં ચોમાસામાં અને પૂરમાં જમીન ખસે છે અને તેમાં ગાબડા પડે છે. વૃક્ષોના નાશથી હંસિક જીવો અને વન્ય પ્રાણીઓ માટે પ્રશ્નો સર્જાય છે અને તેઓ માનવ વસવાટના સ્થળે આવવા લાગ્યા છે. ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં સંહિો, દીપડાઓ વગેરે વન્ય હંસિક પ્રાણીઓ ગામો- શહેરોમાં આવીને કેર વર્તાવે છે તેવા સમાચાર સામાન્ય થયા છે. દેશના લાખો લોકો જંગલમાં રહે છે. તેઓને માટે જંગલો એ જ જીવન નિર્વાહનું સાધન છે. તેઓ જંગલને નુકસાન પહોંચાડયા વિના ત્યાં રહે છે. આવા વનવાસીઓ માટે જંગલોનો નાશ અસહ્ય અને ત્રાસદાયક બને છે કારણ કે તેઓનો જીવનઆધાર છીનવાઈ જાય છે. જંગલોના ઓછા પ્રમાણને લીધે જંગલની મુખ્ય પેદાશનું મૂલ્ય માત્ર રૂા. ૫૧૦ કરોડનું જ છે તેમાંથી ટીંબર અને બળતણમૂલ્ય જ રૂા. ૪૦૦ કરોડનું છે.

## કલર્સના દિલ સે દિલ તકમાં રોહન ગન્ડોત્રા નવો ‘‘પાર્થ’’ છે



કલર્સ હાલમાં જ ઘોષણા કરી છે કે એક દિલચસ્પ પ્રેમ કહાણી જે આ વર્ષે જાન્યુઆરીમાં શરૂ થઇ હતીમાં હવે રોહન ગન્ડોત્રા ’પાર્થ ભાનુશાળી’ તરીકે દેખાશે જ્યારે સિદ્ધાર્થ શુક્લા અન્ય કમિટમેન્ટસ પરીપૂર્ણ કરવા જશે. ભારતીય ટેલિવિઝન પર એક સૌથી વધુ ચહેતા પાત્રની ભૂમિકા ભજવતાં, રોહન અનુક્રમે જાસ્મિન ભસીન (તેની) અને રશ્મિ દેસાઇ (શોર્વરી) સાથે પડદા પર દેખાશે.‘‘મારા માટે આ ગર્વની ક્ષણ છે કે મને ઘણાં દ્વારા ચહેતા એવા પાર્થના સુ—સ્થાપિત પાત્રની ભૂમ્કિા ભજવવાની સોનેરી તક સાંપડી છે. ૨૦૧૭ નો અંત આનાથી વધારે સારો હોઇ શકે તેમ નહોતો. દિલ સે દિલ તક એક મિલેનિયલ કપલ પાર્થ અને શોર્વરીના જીવનનું પગેરું કાઢે છે જેઓનો પરસ્પર માટેનો પ્રેમ તેઓના લગ્નજીવનમાં ઉતાર—ચડાવ લઇ આવે છે અને તેઓના જીવનના અવરોધો તેની નિરંકુશિત સંડોવણીના દરવાજા ખોલે છે. જ્યારે બધુ સહજ રીતે ચાલી રહ્યું હતું , ત્યારે શોર્વરીનું અવસાન દરેકના જીવનમાં વંટોળ લઇ આવે છે. તાજેતરના એપિસોડમાં, ટેણીને ચાલમાં પાછી ફરેલી જોઇ આંચકો ખાઇ ગયેલ છે. છુટકનને આટલા લાંબા સમય પછી જોયાં પછી તેની તેને ભેટવા દોડે છે અને ભાનુશાળી હાઉસમાં બાળક માટે દૂધ પહોંચાડવા વિનંતી કરે છે અને તેને ભૂતકાળને પાછળ મૂકી દઇ પોતે પોતાનો ટિફિન સર્વિસનો ધંધો નવેસરથી શરૂઆત કરવા ઇચ્છે છે તે પણ જણાવે છે.રોહન ગન્ડોત્રાને પાર્થની કહાણીને આગળ લઇ ચાલતાં જોવા દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૦-૦૦ કલાકે કલર્સ પર દિલ સે દિલ તક જોવાનું ચૂકશો નહીં!

### <u>આત્મચિંતન</u>

## પોતાની યોજના પર મજબૂતીથી ટકી રહીએ

સંસાર તકોથી ભરેલું છે. જો મનુષ્ય તક અને પરિસ્થિતિની સાથે સાથે પોતાની જાતને ઢાળી લે અથવા પોતાને તકને અનુરૂપ બેસાડી દે તો તે તેનાથી અવશ્ય લાભ ઉઠાવી શકે છે. આપણે પોતાની કડવી આલોચના, કડવી અને તીખી અલોચના કરી વ્યક્તિત્વની કર્મજોરીઓ શોધી અને તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સંસારમાં બહુ જ ઓછા એવા નિર્ભય વ્યક્તિ છે, જે પોતાના દોષ દેખે છે, તેની ઉપર વિચારે છે, ટીકા ટીપ્પણી કરે છે. તમે તેવા જ વ્યક્તિઓ જેવા બનો. પોતાની કમજોરીઓને શોધી શોધીને નિકાળો. પોતાના વ્યક્તિત્વને ફરીથી બનાવો. ટૂંકમાં, પોતાની કમજોરીઓને નિકાળીને પોતાને નવીનતમ નમૂનાની વ્યક્તિ, નવું વ્યક્તિત્વ, વિચારો અને દ્રષ્ટિકોણવાળા વ્યક્તિ બનાવી લો.

વિકાસ માટે જે તથ્ય જરૂરી છે, તે છે-યોજના બનાવવી અને પછી ગમે તે થઈ જાય પણ તેમાં ટકી રહેવું, પહાડની માફક અડગ રહેવું, તેને પૂર્ણ કરવું અધુરૂ ના છોડવું. લોકો સારી યોજનાઓનો પ્રારંભ કરે છે, પણ વચ્ચેથી જ તેને છોડીને જતાં રહે છે. આ ખરાબ છે, બસ તેનાથી સાવધાન રહો.

તેથી સ્વયં પોતાની સહાયતાથી ઉંચા ઉઠો, સંસાર તમારી પાછળ પાછળ ચાલો. સંસાર તેમની જ સહાયતા કરે છે જે સ્વયં સશક્ત અને સફળ થઈ ચૂક્યા છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સેલિબ્રિટી શેફ હરપાલ સિંહ સોખીના રેસ્ટોરન્ટ ધડૂમનું અમદાવાદમાં લોંચ થઈ



અમદાવાદ

ભારતની અગ્રગણ્ય રેસ્ટોરાં ફ્રેન્ચાઈઝી મેનેજમેન્ટ કંપની યલો ટાઈ હોસ્પિટાલિટીએ નવી બ્રાન્ડ ધડૂમ – ફ્રાઈસ, ફ્લેવર્સ, ફન શરૂ કરી છે. ધડૂમના સહમાલિક સેલિબ્રિટી શેફ હરપાલ સિંહ સોખી છે. બ્રાઈટ કલર્સ અને સુપર હીરોથી પ્રભાવિત કોમિક થિમ ઉપર બનાવવામાં આવેલી આ કેઝ્યુઅલ ડાઈનિંગ રેસ્ટોરાં અમદાવાદ ખાતે આજે હરપાલ સિંહ સોખીના વરદ હસ્તે વસ્ત્રાપુર લેકની સામે આવેલા આમ્રપાલી લેકવ્યૂ ટાવર ખાતે શરૂ કરવામાં આવી છે. ધડૂમનું નામ જ એમ સૂચવે છે કે જોરશોરથી અવાજ કરો ‘ધડૂમ!’. એ તમારા મોંમાં સ્વાદના ધડાકા કરવા માટે વચનબદ્ધ છે. આ ધડૂમની મુખ્ય ડિશ એ કેનેડાનું લોકપ્રિય સ્ટ્રીટ ફૂડ પાઉટિન છે. પાઉટિન એ મોંમાં પાણી લાવી દેતી હાથે બનાવેલી ફ્રાઈસ છે કે જેને વિવિધ સ્વાદોમાં બનાવવામાં આવે છે. અહીં મળતી તમામ વાનગીઓ શેફ હરપાલ દ્વારા ભારતીય સ્વાદનો ઓપ આપીને તૈયાર કરવામાં આવી છે.

યુવાનોને આકર્ષવા માટે રજૂ કરવામાં આવેલી આ બ્રાન્ડની થિમ ભારત અને વિદેશની પ્રખ્યાત કોમિક્સ ઉપરથી તૈયાર કરવામાં આવી છે. ધડૂમમાં પ્રવેશતાંની સાથે જ તમને એમ લાગે છે કે તમે કોમિક બુક્સની દુનિયામાં પ્રવેશી રહ્યા છો. તમામ દિવાલો લાલ અને પીળા રંગના ભડકીલા રંગોથી રંગેલી છે. અને તેમાં કાળા રંગથી જાણીતા કોમિક ડૂડલ્સ દોરેલા છે. કાઉન્ટર નજીકની દિવાલ ઉપર ધડૂમનો જન્મ કેવી રીતે થયો અને તે યુવાનોને કેવી રીતે આકર્ષે છે તેનું ચિત્રણ કરવામાં આવ્યું છે. આ સ્ટોરમાં માર્વેલની પણ અધિકૃત વસ્તુઓ મળે છે.

### ભારતમાં પહોંચ વધારવા જાપાની સેમીકંડક્ટર કંપની રોહમ, ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ ગાડિયો માટે રજૂ કરશે ઓછી ઉર્જા ખર્ચનાર પાવર સોલ્યુશન્સ

જાપાનની સેમીકંડક્ટર બનાવનારી કંપની રોહમ ની દેશમાં આક્રમક વિસ્તાર કરવાની યોજના છે. કંપની ની ઈલેક્ટ્રિક વ્હિકલ અને અન્ય હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વ્હિકલ ઉદ્યોગ ની વધતી માંગ પુરી કરવા માટે ઓછી ઉર્જા ખર્ચનાર પાવર સોલ્યુશન્સ રજૂ કરવાની યોજના છે.રોહમ ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહન ઉદ્યોગ ને ઓટો-ઈલેક્ટ્રિક ઉપકરણ પુરા પાડનારી દિગ્ગજ કંપની છે. દુનિયા ભરમાં પર્યાવરણને અનુકુળ પરિવહવ ને પ્રોત્સાહન આપવા માટે કંપની ઈલેકટ્રિક ગાડિયો પર સૌથી વધુ ભાર આપી રહી છે. ૨૦૧૬ ની શરૂઆત માં રોહમે વેન્ચુરી ફોર્મુલા ઈ ટીમ ના આધિકારિક ટેક્નોલોજી પાર્ટનર તરીકે પોતાનો સહયોગ આપવાનું શરૂ કર્યો હતો જેથી દુનિયા ભરમાં મોટર સ્પોટ્‌ર્સ ના પસંદ કરનારાઓ ને આકર્ષિત કરી શકાય છે. સેટટોપ બોક્સ, સ્માર્ટફોન, ઘરેલુ ઈન્ફોટેઈન્મેન્ટ ક્ષેત્રમાં પાવર ઉપકરણો દ્વારા રોહમ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રની અગ્રણી કંપની બની ગઈ છે. ભારતમાં આરઓએચએમ ઓટોમેટિવ અને ઈન્ડસ્ટ્રિયલ ઉપકરણો પર ફોકસ કરે છે.અત્યાર ના વર્ષો માં ૧૨ વોલ્ટ ના પારંપરિક પાવર સપ્લાય વાળા હલ્કા હાઈબ્રિડ વાહનો ની સરખામણી એ ૪૮ વોલ્ટ વાળા સિસ્ટમ સારી ઉર્જા બચત કરે છે. ઓટોમોટિવ ઉદ્યોગ અત્યારના દિવસોમાં ખુબ જ ઉત્સર્જન નિયમો અને પર્યાવરણ પ્રત્યે વધતી જાગૃતતા માંથી પસાર થઈ રહ્યું છે. અત્યારે એન્જીન એક-એક ટીપાની બચત પર ભાર આપે છે.

## યોગ ગુરુ બાબા રામદેવ બન્યા સુપર ડાન્સર ચેપ્ટર-૨ના મહેમાન



આ સપ્તાહે યોગ-ગુરુ બાબા રામદેવ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના ડાન્સ રિયાલિટી શો સુપર ડાન્સર ચેપ્ટર- ૨ના મહેમાન બન્યા. આ એક ખૂબ જ મજેદાર એપિસોડ હતો, જેમાં દરેક સ્પર્ધકોએ પોતાના શ્રેષ્ઠ ડાન્સ મુવ્સ દર્શાવ્યા.આ ઉપરાંત બાબા રામદેવ સાથે તેમણે તાલ મિલાવ્યો અને તેમના પાસે થી કેટલાક યોગ પણ શીખ્યા. આ એપિસોડ શનિવાર અને રવિવારના રોજ રાત્રે ૮ કલાકે ફક્ત સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રસારિત શશે

## ૧૫ ડિસે.ના રોજ રાજીવ રાજા સાથે એનસીપીએની જાઝ બેયોન્ડ બોર્ડર્સ



અમદાવાદ

કોન્સર્ટ કે જે જાઝ પર લેટીન, ભારતીય, કેરેબિયન, ક્યુબન અને અન્ય વિશ્વ સંગીતના પ્રભાવનું પ્રદર્શન કરે છે. જેમાં રાજીવ રાજા કમ્બાઈન અને ખાસ મહેમાનો છે. આ એક પ્રકારનું સંગીત છે જે કેટલીક ઓરિજનલ રચનાઓ તેમજ વિશ્વ સંગીત પ્રભાવના કાર્બનિક મિશ્રણ સાથે કેટલાક લોકપ્રિય જાઝ ધોરણો દર્શાવશે.બેન્ડ તેની કેટલીક વખણાયેલી રચનાઓ જેવી કે ’કોસ્મીક ચાંટ અને ’તુર્કીસ ડિલાઈટનું પ્રદર્શન કરશે. જે બંને રીલીઝ થયાના અઠવાડિયા સુધી iTunes ઈન્ડિયા ચાર્ટમાં ટોચ પર રહી.ટિકિટ : ૧,૦૦૦,૮૦૦,૫૦૦ એન્ડ ૩૦૦/- (plus GST) બોક્ષ ઓફિસ ઓપન ટાટા થિએટર, શુક્રવાર, ૧૫ ડિસેમ્બર – ૭ : ૦૦ કલાકે

## લિયુગોંગ ઈન્ડિયા દ્વારા ઓલ ન્યુ ૯૨આઈડી આઈ એક્સકેવેટર અને ૬૧૧ કોમ્પેક્ટરની રજૂઆત



બેંગલુરુ

વિશ્વની વ્હીલ લોડર્સની વિશાળ ઉત્પાદક કંપની ગુઆન્કસી લિયુગોંગની ૧૦૦ ટકા માલિકીની પેટાકંપની લિયુગોંગ ઈન્ડિયાએ તેની નવીનતમ બે પ્રોડક્ટ્સ - ૯૨૧ડી એક્સકેવેટર અને ૬૧૧ કોમ્પેક્ટરની રજૂઆતની ઘોષણા કરી હતી.‘લિયુગોંગ ઈન્ડિયા બે નવીનતમ મશીનો - (૯૨૧ડી આઈ એક્સકેવેટર અને ૬૧૧ કોમ્પેક્ટર)ની રજૂઆત કરે છે જેની સાથે ભારતીય ગ્રાહકોને કોઈ પણ દિવસે કોઈપણ પડકાર માટે એક્સકેવેટર્સ અને કોમ્પેક્ટર્સની સંપૂર્ણ રેન્જ આપશે. ‘મેઈક ઈન ઈન્ડિયા’ કેમ્પેન સાથે તાલ મિલાવતા અને રોજગારીની ઉત્તમ તકો સર્જવા ૫ મિલિયન ડોલરનું વધારાનું રોકાણ આ વર્ષના અંતે ફુલફ્લેજડ મેન્યુફેક્ચરીંગ સુવિધા સ્થાપીને સ્થાપિત પ્રોડક્શન ક્ષમતાને વધુ સક્ષમ બનાવવા કરવામાં આવ્યું છે. કંપનીની મેનપાવર ક્ષમતા આગામી ૨-૩ વર્ષમાં ૪૦ ટકાથી વધુ વધશે, જે સ્કીલ ઈન્ડિયા મિશનને સહયોગ આપવા માટે ભારતીય ભૂમિ પરથી વધુ મેનપાવર મેળવીને લેવાશે.’આજે લિયુગોંગ ઈન્ડિયા ભારતમાં બિઝનેસના ૧૫ વર્ષ પૂરા કરીને કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ સેક્ટરમાં માર્કેટ લીડર તરીકે રહી છે.

## ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે ‘એ.આર.રહેમાન એન્કોર - કોન્સર્ટ ૧૮ હજારથી વધુ ચાહકોએ નિહાળ્યો

અમદાવાદ

ભવ્ય ૨૫ વર્ષના માઈલસ્ટોનને ચિન્હિત કરતાં, ૩ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ધ અરેના બાય ટ્રાન્સસ્ટેડિયા ખાતે ‘એ.આર.રહેમાન એન્કોર-કોન્સર્ટ યોજાયો હતો. આ ઈવેન્ટમાં ૧૮ હજારથી વધુ ઉત્સાહી મ્યુઝિક ચાહકોનો અદ્‌ભુત પ્રતિસાદ જોવા મળ્યો. એ.આર.રહેમાને મોહિત ચૌહાણ, જાવેદ અલી, જોનિતા ગાંધી, શશા ત્રિપાઠી, હૃદય ગટ્ટાની અને હર્ષદીપ કૌર સાથે ત્રણ કલાક માટે એક જાદુઈ રોમાંચ બનાવી દીધો. દર્શકો માટે સ્પોર્ટસ સ્ટેડિયમ એક અલૌકિક કોન્સર્ટના અનુભવમાં પરિવર્તિત થયું હતું. મોડ્યુલર અને રેટ્રાક્ટેબલ બેઠકોવાળી સિસ્ટમો સાથે પેટન્ટ કરાયેલા ‘ટી-બોક્ષ ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હતો, અને અમદાવાદી ચાહકોને શહેરમાં આવી અનન્ય ટેકનોલોજીના કારણે જકડી રાખવામાં મદદરૂપ બની હતી. ‘‘એ.આર.રહેમાનના ચાહકોને કારણે આ ઈવેન્ટને ઘૂંઘવાતી સફળતા મળી હતી, કે જેમણે પર્ફોમન્સમાં ખુબ જ મજા માણી હતી.’’

## એમ્વે ક્વીન કૂકવેરે ૧૦૦ કરોડનો આંકડો ફક્ત ૧૦ મહિનાના રેકોર્ડ ટાઈમમાં પૂર્ણ કર્યો



ફોટો : શાંતી શાહ

મુંબઈ

દેશની અગ્રણી ડાઈરેક્ટ સેલીંગ એફએમસીજી કંપનીની પ્રિમિયમ કૂકવેર એમ્વે ક્વીને માત્ર ૧૦ મહિનાના રેકોર્ડ ટાઈમમાં રૂ. ૧૦૦ કરોડના વેચાણના રેકોર્ડને પાર કરવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૧૭માં રજૂ કરાયા પછી એમ્વે ક્વીનની સફળતાએ કંપનીની વ્યૂહનીતિનું ઉદાહરણ પુરું પાડ્યું છે જે આરોગ્ય માટે જાગૃત ગ્રાહકો કે જેઓ એવી કૂકવેર રેન્જ ઈચ્છે છે કે જેમાં ટેસ્ટી અને પોષણક્ષમ કૂકીંગ થઈ શકે તેમની વધતી ડિમાન્ડને પૂરી કરે છે ‘છેલ્લા કેટલાક વર્ષોથી, પ્રોડક્ટ બાસ્કેટ વધારવું એ એમ્વે ઈન્ડિયા માટે દેશમાં પ્રગતિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન, એક્સ્પિરિયન્સિયલ માર્કેટીંગ વધતી કન્ઝ્યુમર એક્સેસ સ્ટ્રેટેજી અને બ્રાન્ડ અવેરનેસ માટેના વ્યૂહાત્મક એરિયામાંનો એક છે. કૂકવેર રેન્જ ખાસ ભારતમાં પ્રિમિયમ કૂકવેરના અગ્રણી સેગમેન્ટ માટે તૈયાર કરાઈ છે જે યુવા ભારતની પ્રોડક્ટના વેલનેસ ક્વોશન્ટ અને પોષણલક્ષી આવશ્યકતાઓ અંગે ઝડપથી વધતી જાગૃતિ અંગેની પ્રાથમિકતાને આકર્ષવા પર લક્ષ આપે છે.

ફાઈવ પીસ એમ્વે ક્વીન કૂકવેર સેટ એ સુંદર રીતે ડિઝાઈન કરાયેલો છે અને તેમાં ૪ લિટર સ્ટોક પોટ ઢાંકણ સાથે, બે લિટર સોસપાન ઢાંકણ સાથે અને ૧.૫ લિટર સુટે પાન ઢાંકણ સાથે તથા એક્સ્ટ્રા ઢાંકણ અને સ્ટોક પોટ સ્ટીમર એક્સેસરીઝ તરીકે સામેલ છે.

## "હરેક્રિષ્ના" - એક નમ્ર ક્રાંતિકારીના જીવન અંગેની દસ્તાવેજી ફિલ્મ પૂજ્યસ્વામી શ્રીલાપ્રભુપાદની જીવન યાત્રા અંગે એક હિંમતપૂર્ણ કહાણી

ફોટો : શાંતી શાહ



અમદાવાદ

દુનિયાભરમાં હરેકૃષ્ણ ચળવળની અમીટ છાપને આવરી લઈ અમેરિકન ફિલ્મ દિગ્દર્શક જહોનગ્રેસસર દ્વારા જીન ગ્રેસ્સર અને લોરેન રોસસાથે મળીને વિશ્વના ફિલ્મ જગત સમક્ષ એક ક્રાંતિકારી દસ્તાવેજી ફિલ્મ "હરે ક્રિષ્ના ! ધ મંત્ર, ધ મુવમેન્ટ એન્ડ ધસ્વામી હુ સ્ટાર્ટેડ ઈટ ઓલ (‘Hare Krishna! The Mantra, the Movement and the Swami who started it all’) રજૂ કરવામાં આવી છે.ઈસ્કોનના ફાઉન્ડર આચાર્ય પૂજ્યસ્વામી શ્રીલાપ્રભુપાદની જીવન યાત્રા ઉપર આધારિત આ ફિલ્મનું નિર્માણ કોરેલ ટેપર અને જેસીકા હેનરિચ કર્યું છે. ફિલ્મમાંસ્વામી દ્વારા ૧૯૬૦માં અમેરિકામાં પ્રારંભથી કરાયેલી શરૂઆતને દર્શાવેલ છે. આ ફિલ્મને તમામ પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટીવલમાં રજૂ કરવામાં આવી હતી અને તેને પ્રસિધ્ધ ૨૦૧૭નું ફિચર કોમ્પીટીશનજ્યુરી પ્રાઈઝ પણ મળ્યું છે. આ ફિલ્મમાં સ્વામીજીની અમેરિકાની સંસ્કૃતિનો વિરોધ કરતી એસમયે હાથ ધરાયેલી ચળવળનેઆવરી લેવામાં આવી છે અને એમાં આંતરિક

આત્મસભાનતા (‘inner self-consciousness’)ના સંદેશ અને તેને કેવી રીતે યુવા પેઢીનું વ્યાપક જનસમર્થન હાંસલ થયું અને તેમણે જીવનના અસ્તિત્વ અંગે જવાબો શોધવાની શરૂઆત કરી તે બાબતને આવરી લેવામાં આવી છે. આ ફિલ્મમાં કોઈ સંપ્રદાયને અનુસરવાથી ઊભા થતા સંશયો અને ભય અંગે સમાંતરપણે વાત કરવામાં આવી છે.

આ ફિલ્મમાં અગાઉ જોવામળ્યું ન હોય તે રીતે વિવિધ ઐતિહાસિક તથ્યોને તથા શરૂઆતના અનુયાયીઓ સાથેના વાર્તાલાપને સ્વામી પ્રભુપાદના રેકર્ડ થયેલા અવાજમાં આવરી લેવામાં આવ્યાં છે. આ કથા દર્શકોને હિપ્પીઓના મક્કા ગણાતાહેગટ એશબરી, ન્યુયોર્કના બોવરી અને લંડનના બીટલ મેનીયા વિસ્તારની લીલીછમ દ્રશ્યભૂમિમાં લઈ જાય છે.જીન ગ્રેસ્સર એ ભગવદગીતાના બોધ ઉપર ૩ પુસ્તક લખ્યાં છે, એમાંની એક As It Iજ ને વર્ષ ૨૦૧૧માં ઈન્ડીપેન્ડન્ટ પબ્લિશર બુક એવોર્ડ એનાયત થયો હતો. સિડનીમાં જન્મેલા સર્જક લોરેન રોસ લેખક,દિગ્દર્શક અને નિર્માતા તરીકે ફિલ્મ અને રંગમંચ ક્ષેત્રે કામગીરી બજાવી છે અને હાલમાં તે સ્વતંત્રફિલ્મ નિર્માતા તરીકે કામ કરી રહ્યા છે.

## એસ્સાર એનર્જીએ વધારાની ચુકવણી સ્વરૂપે એસ્સાર ઓઈલના અગાઉનાં જાહેર શેરધારકોને આશરે રૂ. ૮૯૧ કરોડ (શેરદીઠ રૂ. ૭૬.૪૧) ચૂકવ્યાં

મોરેશિયસ

એસ્સાર ઓઈલ લિમિટેડ (ઇઓએલ)ના અગાઉના પ્રમોટર્સ તથા મોરેશિયસનાં કાયદા હેઠળ રચાયેલી અને મેનેજ થતી એસ્સાર એનર્જી હોલ્ડિંગ્સ લિમિટેડ (ઇઇએચએલ) અને ઓઇલ બિડકો (મોરેશિયસ) લિમિટેડ (ઓબીએમએલ) એમ બંને કંપનીઓએ ઇઓએલનાં ભૂતપૂર્વ જાહેર શેરધારકોને ૧૧ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ આશરે રૂ. ૮૯૧ કરોડની ચૂકવણી કરી છે. આ રીતે આ ચૂકવણીની શેરદીઠ કિંમત રૂ. ૭૬.૪૧ થાય છે.ઇઓએલનું વેચાણ રોસનેફ્ટ તથા ટ્રેફિગુરકા અને યુસીપીનાં નેતૃત્વમાં રચાયેલા કન્સોર્ટિયમને રૂ. ૮૬,૦૦૦ કરોડમાં પૂર્ણ થયા પછી આ જાહેરાત થઈ છે. ડિસેમ્બર, ૨૦૧૫માં અગાઉનાં પ્રમોટર્સ દ્વારા રજૂ થયેલી ડિલિસ્ટિંગ ઓફર કમ એક્ઝિટ ઓફરમાં પોતાનાં ઈઓએલનાં શેર સફળતાપૂર્વક સુપરત કરનાર તમામ શેરધારકો આ શેરદીઠ રૂ. ૭૬.૪૧ની વધારાની ચુકવણીનાં લાભાર્થી છે, જેની ગણતરી ક્લોઝિંગ પ્રાઇઝનાં આધારે કરવામાં આવી છે, જેમાં સૂચિત નિયત તારીખથી લંબાવવામાં આવેલા સમયગાળા માટે વાર્ષિક ૧૦ ટકાનું વ્યાજ સામેલ છે. આ રીતે વર્ષ ૨૦૧૫માં ઈઓએલનાં ડિલિસ્ટિંગ પછી જાહેર શેરધારકોને ઓબીએમએલએ ચુકવેલા રૂ. ૩,૦૬૪ કરોડ ઉપરાંત આશરે રૂ. ૮૯૧ કરોડની વધારાની ચુકવણી થઈ છે.

## સુમીત ઈન્ડસ્ટ્રીઝનો રૂ. ૬૦ કરોડનો રાઈટ ઈસ્યૂ ૨૭ ડિસે.ના ખૂલી રહ્યો છે

સૂરત સ્થિત સુમીત ઈન્ડસ્ટ્રીઝ લિ. કુલ રૂ. ૫૯૬૯.૮૦ લાખના રાઈટ ઈસ્યૂ સાથે બજારમાં આવી રહ્યો છે. રાઈટ ઈસ્યૂ ૨૭ ડિસેમ્બર, ૨૦૧૭ના ખૂલી રહ્યો છે અને ૧૦ જાન્યુઆરી ૨૦૧૮ના બંધ થશે. રાઈટ હક રેશિયો ૭:૩ નક્કી કરવામાં આવ્યો છે. આમ કંપનીના એવા પાત્ર શૅરધારકો જેમનું નામ રેકર્ડ ડેટ સમયે લાભપાત્ર સદસ્ય તરીકે રજિસ્ટ્રાર કે ડિપોઝિટરીની યાદીમાં હશે. તેમની પાસેથના પ્રત્યેક સાત ઈક્વિટી શૅર પર ત્રણ રાઈટ શૅર આપવામાં આવશે. રેકર્ડ રેડ ૧૮ ડિસેમ્બર, ૨૦૧૭ છે.

કંપની રૂ. ૨૪ દરેક રાઈટ ઈક્વિટી શૅર (રૂ. ૧૪ દરેક રાઈટ ઈક્વિટી શૅરના પ્રીમિયમ સહિત) કિંમતે રાઈટ ઈસ્યૂ ઑફર કરી રહી છે અને અરજી કરતી વખતે પૂરી રકમની ચુકવણી કરવી પડશે. પૂરા પાડવામાં આવનારા રાઈટ ઈક્વિટી શૅરની કુલ સંખ્યા ૨,૪૮,૭૪,૧૭૩ ઈક્વિટી શૅર છે. શૅરની વર્તમાન બજાર કિંમત લગભગ રૂ. ૩૨ છે. શૅર એનએસઈ અને બીએસઈ પર લિસ્ટેડ છે. કંપનીનો છેલ્લાં ૨૧ વર્ષથી સતત નફો રળવાનો ટ્રેક રેકર્ડ છે. કંપનીએ ૨૦૦૬માં ૨:૧ના રેશિયોમાં અને ૨૦૦૭માં ૧૦:૧ના રેશિયોમાં બોનસ શૅર ઈસ્યૂ કર્યા હતા.

## ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ પર કોચ પેપોનનો અત્યંત મુશ્કેલ નિર્ણય



&TVપર લોકપ્રિય ગાયકી રિયાલિટી શો ધ વોઈસ ઈન્ડિયા કિડ્સમાં બ્લાઈન્ડ ઓડિશન્સમાં અમુક ઉત્તમ પ્રતિભા સાથે યુવા અવાજો જોવા મળ્યા હતા. તેમણે નિશ્ચિત જ એકબીજાને અપેક્ષાઓને પાર કરી હતી અને આ યુવા ગાયકો હજુ પણ તેમનું શ્રેષ્ઠતમ આપવા માટે ભાર આપી રહ્યા છે. ચાર અદભુત કોચ શાન, પલક મુછાલ, પેપોન અને હિમેશ રેશમિયા તેમને મનગમતા અવાજ માટે લડ્યાં હતાં અને તેમની ટીમ પસંદ કરી હતી. દરેક ટીમમાં ૧૫ સ્પર્ધક સાથે આખરી રેસ વધુ મુશ્કેલ બની છે. હવે શો બેટલ્સના આગામી રાઉન્ડમાં પ્રવેશ્યો છે, જ્યાં તે જ ટીમના ૩ સ્પર્ધકે લાઈવ રાઉન્ડમાં પોતાની જગ્યા બનાવવા માટે લડત આપવાની છે. તેમની ટીમને તાલીમ અને મેન્ટરિંગ કરનાર કોચ તેમની જ ટીમમાંથી ૩ ઉત્તમ ગાયક પસંદ કરશે, જેને લીધે દરેક લડતમાંથી ૨ સ્પર્ધક બહાર થઈ જશે. આને કારણે કોચની ઊંઘ હરામ થઈ ગઈ છે.આવા એક બેટલ્સ રાઉન્ડમાં નિહારિકા, અસ્મી અને સંજના સાથેની પેપોનની ટીમ બાહુબલિ ૨નું ગીત કાન્હા સોજા જરા પર પરફોર્મ કરતી જોવા મળશે. આ ત્રણેયની કામગીરી અત્યંત અદભુત રહી હતી. કોચ પેપોન તેની ટીમના આ અસાધારણ દેખાવથી બેહદ ખુશી છે. સરાહનાના ભાગરૂપ તેણે ત્રણેયને પોતાની જોડે ગાવાની ઓફર કરે છે. જોકે ફોર્મેટમાં પેપોને સ્પર્ધામાં આગળ જવા માટે ૩માંથી ફક્ત ૧ની પસંદગી કરવાની હતી, જેને લીધે પેપોન માટે મોટી મૂંઝવણ હતી. અત્યંત ઉષ્મા અને લાગણીસભર પેપોન શોના આરંભથી પહેલી જ વાર આટલી બધી મૂંઝવણમાં જોવા મળ્યો હતો. કોની પસંદગી કરવી તે બાબતે તે અવઢવમાં હતો.જાણવા માટે જોતા રહો ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ, દર શનિવાર અને રવિવાર, રાત્રે ૯, ફક્ત &TVપર!

## ‘‘ચાલો ચૂંટણી બૂથના મંદિરે ’’

ઓ હો..હો..હો.. મંજુલાબેન ! અટાણે વહેલા તૈયાર થઈને ક્યા ચાલ્યા ? અલી બૂન ! તને ખબર નથી. આજે ૧૪મી ડીસેમ્બર છે. ચૂંટણીનો દિવસ છે. વોટીંગ કરવા ચૂંટણી બૂથના મંદિરે જાઉં છું.’’ ત્યાં જઈને મારો મત યોગ્ય ઉમેદવારને આપીને પૂજા કરીશ જેથી ફળ સ્વરૂપે યોગ્ય ઉમેદવાર ચૂંટાઈ આવશે. જે આવતા પાંચ વરસ સુધી જાગૃત રહીને આપણા દેશના વિકાસમાં મદદ કરશે. આપણી સમસ્યાઓને સમજીને તેનું યોગ્ય રીતે નિરાકરણ કરવામાં મદદ કરશે તેથી એ.ય.. પાંચ વરસતો નિરાંતે સુખ સુવિધાઓથી ભર્યું ભર્યું જીવન જીવીને આનંદનો અનુભવ કરી શકીશું.

તે બેન! તમે કે હું એક જણ કદાચ એક વોટ નહીં આપીએ તો શું ફરક પડશે. ?

ના.રે..ના બહેન જો જો એવું ન વિચારતા. આ તો ચૂંટણી પર્વ નહીં પણ મહાપર્વ છે. આપણો દેશ લોકશાહી વહીવટીય તંત્રને માનનારો છે, તેથી, એક એક વોટની કિંમત છે. આપણે દરેકે આજે તો સરસ મજાના તૈયાર થઈને જે રીતે મંદિરે કે અન્ય તીર્થ ક્ષેત્રોમાં જઈને છીએ તે રીતે ચૂંટણી મથક ઉપર જઈએ યોગ્ય વ્યક્તિને જ મત આપીએ આપણો એક એક વોટ બહુ જ કિમંતી હોય છે. માટે સહેજ પણ આળસ કર્યા વગર દરેક પોતાનો વોટ આપવાનો હકક અદા કરવો જોઈએ. અને ફરજ પ્રમાણે પણ વોટીગ કરવું જોઈએ. વોટ આપતી વખતે કોઈની સેહ સરમમાં તણાયા વગર. પૈસા કે અન્ય વસ્તુઓની લાલચમાં આવ્યા વગર. સમાજ, જ્ઞાતિ કે અન્ય કોઈ વાદથી પ્રભાવિત થયા વગર સાચા અર્થમાં સેવા કરી શકે તેવા ઉમેદવારને વોટ આપીને ચૂંટી કાઢવાની આપણી પવિત્ર ફરજ છે તેથી આપણો મત પવિત્ર છે.

આપણો મત બહુ જ કિંમતી છે

આપણો મત પવિત્ર છે.

આપણી ફરજ છે કે આપણે આપણા પવિત્ર મતનો યોગ્ય રીતે ઉપયોગ કરીને આ ચૂંટણી પર્વને ધામધૂમથી ઉજવીએ. ચૂંટણી પ્રક્રિયાની પવિત્રતા જાળવીએ અને માનનીય સરકારશ્રી દ્વારા અપાયેલ મતાધિકારનો સમજપૂર્વક ઉપયોગ કરીને તંદુરસ્ત સમાજ તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય ડીસા**